સુવિચાર

તમારા જીવનને નસીબથી નહિ પણ સારા નિયમથી જીતો. ગરીબાઈને ફેંકી દેવા નબળા વિચારોને હાંકી કાઢો.

:: સૌજન્ય ::

નિલકંઠ જ્વેલર્સ (લાઠીવાળા)

માણેકપરા, અમરેલી.

ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦

તા. ૨૭/૦૭/૨૦૨૩, ગુરૂવાર

ફોન : ૨૨૮૪૨૨

www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્

AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803

E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

ફરસાણ • ખમણ • મીઠાઈ

શિવ ફરસાણ (ધારીવાળા)

નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

તંત્રી, પ્રકાશક, માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિદ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૭૯ અ.શ્રાવણ સુદ-૯ વર્ષ : ૧૫ અંક : ૧૯૧


## ‘‘ફૂંકો શંખ, આવે ટ્રેન–અમરેલીને હવે બ્રોડગેજ આપો’’ના નાદ સાથે

# અમરેલીને બ્રોડગેજ રેલ્વેની માંગ સાથે અભિયાન શરૂ

અમરેલી પંથકની જનતાની માંગ સંતોષવામાં છેલ્લા ૩૦ વર્ષનાં તમામ સાંસદ અને સરકાર નિષ્ફળ સાબિત થયા

જનતાની હજારો વખત લેખિત, મૌખિક રજૂઆત છતાં પણ એકપણ સાંસદ દિલ્હી ખાતે યોગ્ય રજૂઆત કરી શકયા નહી

જિલ્લાકક્ષાનાં મુખ્ય શહેરને બ્રોડગેજ રેલ્વેની સુવિધા કોઈ સાંસદ અપાવી શકશે નહી તેવું માનીને જનતાએ સોશ્યલ મીડિયામાં અભિયાન શરૂ કર્યુ

જનતા જનાર્દનનાં તેના પ્રશ્નોનાં નિરાકરણ માટે કોઈ વ્યકિતને સાંસદ બનાવે છતાં જનતાને પ્રશ્નો માટે લડત ચલાવવી પડી રહી છે









અમરેલી, તા. ૨૬

અમરેલી શહેર એ આજથી ૬ દાયકા પહેલા જિલ્લાનું મુખ્ય મથક રાજય સરકારે જાહેર કર્યુ. પરંતુ દાયકાઓ બાદ પણ અમરેલીને બ્રોડગેજ રેલ્વે કે નેશનલ હાઈવે, ઉદ્યોગો, શિક્ષણ કે આરોગ્યક્ષેત્રે કોઈ મહત્વની સુવિધા મળી નથી.

અમરેલી શહેર એક જ એવું કદાચ જિલ્લાકક્ષાનું શહેર હશે. સમગ્ર દેશ કે જેને બ્રોડગેજ રેલ્વેની સુવિધા મળી નથી. અમરેલીનાં વેપારીઓ, વિદ્યાર્થીઓ સહિત સૌ કોઈને અમદાવાદ, સુરત કે મુંબઈ કે અન્ય શહેરો કે રાજયમાં જવું હોય છે. ઠેકઠેકાણે બસ કે ટ્રેન બદલવી પડી રહી છે.

અમરેલીની જનતા છેલ્લા ૩૦ વર્ષથી બ્રોડગેજ રેલ્વેની સુવિધા આપવાની માંગ કરેલ છે. અનેક પક્ષનાં સાંસદ અને સરકાર આવી અને ગઈ છતાં હજુ સુધી બ્રોડગેજ રેલ્વે સુવિધા મળી ન હોય વર્તમાન સાંસદનો કાર્યકાળ ૧૪ વર્ષનો પૂર્ણ થયો છતાં પણ તેઓ પણ બ્રોડગેજ રેલ્વેની સુવિધા અપાવી ન શકતાં અંતે અમરેલીનાં જાગૃત યુવાનોએ બ્રોડગેજ રેલ્વેની સુવિધા અર્થે સોશ્યલ મીડિયા ધ્વારા જનજાગૃતિ અભિયાન "ફૂંકો શંખ, આવે ટ્રેન – અમરેલીને બ્રોડગેજ ટ્રેન આપો" નાં નારા સાથે અભિયાન શરૂ કર્યુ છે જેને બહોળો પ્રતિસાદ મળી રહ્યો છે.

અનુસંધાન પાના ૬ ઉપર

## શાળા સંચાલકની ગુનાહિત બેદરકારી પ્રકાશમાં આવી

# સાવરકુંડલાની ઈંગ્લિશ મીડિયમ સ્કૂલમાં ધો. ૪ની વિદ્યાર્થીનીને વીજ કરંટ લાગ્યો

### સદ્‌નસીબે નાની બાળકીને સામાન્ય ગભરાહટ થઈ



સાવરકુંડલા, તા. ૨૬

સાવરકુંડલામાં ઈંગ્લિશ મીડિયમ સ્કૂલમાં આજે ચાલું શાળાએ ધો. ૪ માં અભ્યાસ કરતી બાળકીને ટોયલેટની સ્વિચ ચાલું કરવાં જતાં વીજશોક લાગ્યો હતો. જેનાં કારણે તેને હાથની આંગળીમાં પંકચર પડી ગયું હતું. માત્ર નવ વર્ષની બાળકી સમજમાં પણ ન હોય કે આ વીજ કરંટ છે, એટલે તે તો જોર જોરથી રાડ પાડી રડવા લાગી અને આખા શરીરમાં ધ્રુજારી વ્યાપી ગઈ. આ બનાવ સમયે હાજર આચાર્ય અને સંચાલક પોતે જાણે વીજ પુરવઠા બાબતના નિષ્ણાંત હોય તેમ બેજવાબદારી ભર્યુ વર્તન કરી, આ બાળકીને તાત્કાલિક નજીકની હોસ્પિટલ સારવાર માટે લઈ જવાને

અનુસંધાન પાના ૬ ઉપર

## દર વર્ષે કરોડો રૂપિયાનું દેશી–વિદેશી હુંડિયામણ આપનાર

# જાફરાબાદના માચ્છીમાર સમાજને ‘‘બુમ્બલા’’ માછલી માટે જરૂરી સુવિધા આપવા માંગ

### ‘‘બુમ્બલા’’નાં ઉછેરમાં મોટી સંખ્યામાં મહિલાઓ પણ રોજગારી મેળવે છે

જાફરાબાદ, તા. ૨૬

ગુજરાત રાજયનું સૌથી મોટું બોમ્બેડગ એટલે (બુમ્બલા)નું ઉત્પાદન કરતું બંદર છે. જે દર અઠવાડિયે મુંબઈ મરોલ માર્કેટમાં હજારો કિલો બોમ્બેડગ (બુમ્બલા) મોકલે છે જે દેશ અને વિદેશમાં વેપારીઓ દ્વારા વિ લેવલે પહોંચે છે.


તસ્વીર : બાલક્રિષ્ન સોલંકી–જાફરાબાદ

આ બુમ્બલા એટલે કે બોમ્બેડગ એ ગુજરાતના સૌથી મોટા બંદર પોરબંદર, વેરાવળ, માંગરોળ કે અન્ય બંદરો ઉપર માછીમારી કરવામાં આવતા નથી. આ મોટા બંદરો ઉપર વધુ પડતું જાડા જાળ દ્વારા આવતી મચ્છી પકડવામાં આવે છે જે ફેકટરીઓમાં સીધી જતી રહે છે અને ત્યારબાદ માર્કેટ કે કંટીનરો દ્વારા દેશ–વિદેશમાં સપ્લાય કરવામાં આવે છે. પરંતુ આ બોમ્બેડક (બુમ્બલા) દરિયામાંથી જયારે બોટો બંદર ઉપર

અનુસંધાન પાના ૬ ઉપર


Since 1986
બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.
એક દિવસ અચાનક બધું મુકીને ચાલ્યા જવું પડશે, તો જરૂર કરતાં વધારે શા માટે ભેગું કરવું?
લાઇવ ૨૨ કેરેટ દાગીનાના ભાવ જાણવા મીસ કોલ કરો 95558 11166
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી Ph. No. (02792) 223770/226868



નારી
વુમન્સ & ચિલ્ડ્રન્સ હોસ્પિટલ & એન્ડોસ્કોપી સેન્ટર
દુરબીનથી થતા ગર્ભાશય અને અંડાશયની ગાંઠના ઓપરેશનની સેવાઓ ઉપલબ્ધ...
ડૉ. ચિરાગ કુબાવત (M.B.D.G.O.)
Diploma in Gynec Endoscopy (FRANCE)
સ્ત્રીરોગ, પ્રસુતી તથા દુરબીનથી થતા ઓપરેશનના નિષ્ણાંત Mo. 93273 61084
ડૉ. ઉપાસના સી. કુબાવત (M.B.D.C.H.)
નવજાત શિશુ તથા બાળરોગ નિષ્ણાંત Mo. 97237 99091
ઉપલબ્ધ સુવિધાઓ...
• નોર્મલ/જોખમી સિઝેરીયન ડિલીવરી
• પેઈનલેસ (પીડા રહિત ડીલીવરી)
3D/4D કલર ડોપ્લર/ ખોડખાપણની સોનોગ્રાફી
• ટાંકાવાળુ, ટાંકાવગરનું તથા દુરબીનથી થતા ગર્ભાશયના ઓપરેશન • વંધ્યત્વની વૈજ્ઞાનિક/ આધુનિક સારવાર/IUI • ૨૪ કલાક કાર્યરત
• લીફ્ટ, લેબોરેટરી, એમ્બ્યુલન્સની સુવિધા
ઉપલબ્ધ સુવિધાઓ...
• રસીકરણ કેન્દ્ર
• નવજાત શિશુ દાખલ કરવા અદ્યતન NICU
• આહાર સંબંધીત સમસ્યાઓ
• કુપોષણવાળા બાળકોની સર્વાંગી તપાસ સારવાર • જન્મથી ૧૭ વર્ષ સુધીના બાળકોની તપાસ/સારવાર
ઓપીડી સમય સોમવાર થી શનિવાર સવારે ૯ થી ૨ સાંજે ૫ થી ૮
જુના પાંચ માળીયાની બાજુમાં, વિજય આર્ટસની સામે, માણેકપરા, અમરેલી.

નંદભુવન સોસાયટી
ખુલ્લા પ્લોટોનું વેચાણ શરૂ કરેલ છે
સાઈટ : ચિતલ રોડ, ભાવકા ભવાની મંદિરથી પ્રતાપપરા જવાના રસ્તે
સુચિત ‘‘રીવરફ્રન્ટ પ્રોજેકટની સાવ નજીક’’
તૈયાર કબ્જો
૯૦ વારથી વધુના પ્લોટો
ફકત ૨૩ પ્લોટનું વેચાણ કરવાનું છે
બુકીંગ માટે સંપર્ક
મો. ૮૩૫૬૮ ૪૯૧૯૩ ■ મો. ૯૮૨૦૦ ૨૮૦૦૪

નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ
મલ્ટી-સ્પેશિયાલીટી હોસ્પિટલ
(ગોળ હોસ્પિટલ કેમ્પસ, ચિતલ રોડ, અમરેલી)
કિડની રોગ વિભાગ



કિડનીનાં રોગો તથા ડાયાલિસિસમાં થતી તકલીફો અને તેના ઉપાયો અંગે માર્ગદર્શન આપશે.
ડૉ. જીગર શ્રીમાળી M.D., D.M.
નેફ્રોલોજીસ્ટ (ગોલ્ડ મેડાલીસ્ટ)
અમદાવાદની પ્રખ્યાત શેલ્બી હોસ્પિટલના કિડનીના રોગો તથા કિડની ટ્રાન્સપ્લાન્ટના નિષ્ણાત હવે અમરેલીમાં.
તા. ૨૭ - ૭ - ૨૦૨૩, ગુરુવાર
સમય : સવારે ૦૯:૦૦ થી ૧૨:૦૦
કિડનીનાં રોગોનાં લક્ષણો
■ પગે સોજા આવવા તથા મોઢે સોજા ચડવા. ■ પેશાબ ઘટી જવો.
■ પેશાબમાં વારંવાર ઈન્ફેકશન થવુ. ■ પેશાબ અટકીને આવવો.
■ લાલ પેશાબ આવવો. ■ વારંવાર શ્વાસ ચડવો.
■ ઉલટી-ઉબકા થવા ભુખ ઓછી લાગવી.
નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ મલ્ટી-સ્પેશ્યાલિટી હોસ્પિટલ (ગોળ દવાખાનું), ચિતલ રોડ, અમરેલી. ફોન : (૦૨૭૯૨) ૨૨૩૩૧૬ / ૨૨૮૯૦૪

### અંદાજે ૧૦,૦૦૦ અરજદારોને ઈ–ગ્રામ સુવિધાઓથી મળ્યો લાભ, ડિજિટલ ઈન્ડિયા હેઠળ ગામનો થયો વિકાસ

# નાના આંકડિયા ગામમાં ઈ–ગ્રામ દ્વારા ૧૭ પ્રકારની સરકારી સુવિધાઓ અને અરજીઓના કામકાજ ગામમાં થતાં ગ્રામજનોની સુવિધામાં વધારો

**આધાર જનસેવા કેન્દ્રની સુવિધાથી નાગરિકોનું કામ સરળ થયું, નિઃશુલ્ક મની ટ્રાન્સફરની સુવિધા દ્વારા આશરે રૂા. ૫૦ લાખના વ્યવહારો થયા**




અમરેલી તા. ૨૬

રાજય સરકારના વિકાસના પંચ સ્થંભ અંતર્ગત તૃતીય સ્થંભ હેઠળ વિશ્વ કક્ષાની આંતરમાળખાકીય સવલતો ગ્રામ્ય સ્તરે મળી રહે તે માટે રાજય સરકાર કટિબદ્ધ છે. રાજય સરકારના આ અભિગમના ભાગરૂપે પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગની વિવિધ યોજનાઓનો લાભ છેવાડાના માનવી સુધી પહોંચી રહ્યો છે. અમરેલી જિલ્લામાં ઈ–ગ્રામ યોજના હેઠળ પંચાયતોમાં નાગરિકોને ઘર આંગણે વિવિધ સુવિધાઓ મળી રહી છે. અમરેલી જિલ્લાના અમરેલી તાલુકાના નાના આંકડિયા ગામે ઈ–ગ્રામ દ્વારા વિવિધ સરકારી સુવિધાઓ ઉપલબ્ધ છે. જેમાં ૧૭ પ્રકારની અરજીઓના કામકાજ નજીવા દરે કરી આપવામાં આવે છે. આ સુવિધાના લીધે ગ્રામજનોને જિલ્લા કે તાલુકા મથક અમરેલીના બદલે પોતાના ગામના આંગણે જ સરકારની વિવિધ યોજનાઓ અને અરજીઓ કરવાની સુવિધા પ્રાપ્ત થઈ છે. ઈ–ગ્રામની આ આદર્શ કામગીરી કરી રહેલા નાના આંકડિયાને પંચાયત વિભાગની યોજના હેઠળ આધાર સેવા કેન્દ્ર પણ મળ્યું છે. આ સેવા કેન્દ્રનો લાભ આસપાસના અનેક ગામના નાગરિકો લઈ રહ્યા છે. આ કેન્દ્ર શરૂ થયું ત્યારે તાલુકાના ૭૨ ગામ વચ્ચે આ પ્રકારની સુવિધા પહેલીવાર શરૂ થઈ હતી. ગામના વીસીઈ મારફત નિઃશુલ્ક મની ટ્રાન્સફરની સુવિધા દ્વારા નાણાકીય વ્યવહારો માટે વ્યાપક સુવિધા થતાં નાગરિકોને અન્ય સ્થળ પર જવાને બદલે ગામમાં જ સેવાનો લાભ ઉપલબ્ધ થાય છે. જે નાગરિકોના સમય, શકિત અને નાણાકીય રીતે સુગમ્ય રહે છે.

નાના આંકડિયા ઈ–ગ્રામની સુવિધાઓ વિશે માહિતી આપતા સરપંચ દામજીભાઈ જાવીયાએ જણાવ્યુ કે, ઈ–ગ્રામ હેઠળ ગ્રામ પંચાયતમાંથી નજીવા દરે ૧૭ પ્રકારની સરકારી સુવિધાઓ ઉપલબ્ધ છે. જેમાં ૭–૧૨, ૮–અ, ઝેરોક્ષ અને કલર ઝેરોક્ષ, આધારકાર્ડ માટે અરજી, આધારકાર્ડ સુધારણા, લેમિનેશન, પાનકાર્ડની અરજી અને તેમાં સુધારણા, રેશનકાર્ડની કામગીરી, આવકનો દાખલો, મની ટ્રાન્સફર, જન્મ અને મરણના દાખલા, ઈ–શ્રમકાર્ડ, મોબાઈલ રિચાર્જ, વિદ્યાર્થી શિષ્યવૃત્તિ ફોર્મ, ઈ–ગ્રામ પોર્ટલ દ્વારા બીટુસી વ્યવહાર, ખેડૂત સહાય ફોર્મ, ગુજરાતી અને અંગ્રેજી ભાષામાં ટાઈપીંગ, આઈ–ખેડૂત પોર્ટલની અરજીઓ, સમાજ કલ્યાણની વિવિધ સહાયો માટેની અરજીઓ, વીજળીના બીલ ભરી આપવા સહિતની અનેકવિધ અરજીઓ અને કામગીરીઓનો લાભ નાગરિકોને ગ્રામ્ય સ્તરે મળી રહ્યો છે. આ સુવિધાઓ ગ્રામ્ય સ્તરે નજીવા દરે અને ગામના આંગણે વી.સી.ઈ. દ્વારા આપવામાં આવે છે તેથી નાગરિકોને ઘણી સરળતા રહે છે. આ કામગીરી માટેનો સમય બચી જતાં તે અન્ય કામ માટે આ સમયનો ઉપયોગ બખૂબી કરી શકે છે.

આશરે ૩,૧૦૦ની વસતી ધરાવતા નાના આંકડિયા ગામમાં ઈ ગ્રામ પોર્ટલ દ્વારા બીટુસી ટ્રાન્ઝેક્શનની કામગીરી થતાં તે કામગીરીમાં પણ તે અવ્વલ રહ્યું છે. અત્યાર સુધીમાં આ સુવિધા હેઠળ અંદાજે રૂા. ૪૫ લાખના ટ્રાન્ઝેક્શન થયા છે. ગામના તલાટી મંત્રી કપિલભાઈ મકવાણા અને વી.સી.ઈ. દર્શિતભાઈ કાથરોટીયા રાજય સરકારની કલ્યાણકારી યોજનાઓનો લાભ ગ્રામજનો સુધી પહોંચાડવા માટે પ્રયત્નશીલ છે. આ અંગે દર્શિતભાઈ કાથરોટીયા જણાવે છે કે, ગામની કામગીરીના આધારે અમને તાલુકામાંસે પ્રથમ પંચાયત સ્તરને આધાર સેવા કેન્દ્ર મળ્યું હતું. આ કેન્દ્રનો લાભ તાલુકાના અનેક ગામોને મળ્યો હતો. આ ઉપરાંત અમે મની ટ્રાન્સફરની નિઃશુલ્ક સેવાઓ પણ આપીએ છીએ.

ઈ–ગ્રામ સુવિધાના લાભથી ગ્રામજનો પણ ખુશ છે. ગામના રહેવાસી હસમુખભાઈ વામજા જણાવે છે કે, આ પ્રકારના કામકાજ માટે અમરેલી આવવા જવાનો સમય બચે છે. ઉપરાંત લાંબી લાંબી લાઈનમાં ઊભા રહેવામાંથી પણ મુકિત મળી છે. રાજય સરકારે ગ્રામ્ય વિસ્તારમાં સુવિધામાં આ ઉમેરો કર્યો તે માટે ખૂબ ખૂબ આભાર.

નાના આંકડિયામાં ઈ–ગ્રામની સુવિધાઓનો લાભ વર્ષે અંદાજે ૧૦,૦૦૦ અરજદારોને મળી રહ્યો છે. આ સુવિધાથી ગામના વિદ્યાર્થીઓ, મહિલાઓ, ખેડૂતોને ખૂબ ફાયદો થયો છે. ગામના ખેડૂત કનુભાઈ ડોબરીયા જણાવે છે કે, નાના આંકડિયામાં પંચાયત ખાતે તમામ સુવિધાઓ મળે છે. ઘણીવાર અડધી રાત્રે પણ જરૂરી કામ થઈ ગયું હોવાના દાખલાઓ છે. ગ્રામજનો માટે આ સુવિધા આશીર્વાદ સમાન છે.

આમ, રાજય સરકારના વિકાસના ત્રીજા સ્થંભ હેઠળ છેવાડાના વિસ્તારો સુધી વિશ્વ કક્ષાની આંતરમાળાખાકીય સવલતો આપવા માટે પ્રયત્નશીલ છે. જેના દ્વારા જન જન સુધી સરકારની કલ્યાણકારી યોજનાઓ પહોંચતા વિકાસ વેગવંતો બન્યો છે.

**મુલાકાત અને આલેખન : જય મિશ્રા**
**ફિલ્માંકન : બી.ડી. પાથર**
**જિલ્લા માહિતી કચેરી, અમરેલી**

### ખાંભા તથા બગદાણા પોલીસ સ્ટેશનમાં ગુન્હો કરી

## છેલ્લા અઢી વર્ષથી નાસતા–ફરતા આરોપીને પેરોલ ફર્લો સ્કવોર્ડે ઝડપી લીધો

**સાવરકુંડલાનાં દોલતી ગામેથી આરોપીની અટકાયત**



અમરેલી તા.૨૬

છેલ્લા અઢી વર્ષથી ખાંભા પોલીસ સ્ટેશન તથા ભાવનગર જીલ્લાના બગદાણા પોલીસ સ્ટેશનના ઘરફોડ ચોરીના ગુન્હામાં નાસતા ફરતા આરોપીને પકડી પાડી ધોરણસરની કાર્યવાહી અમરેલી પેરોલ ફર્લો સ્કવોર્ડ હાથ ધરી છે.

આ કામના આરોપી અરવિંદ ઉર્ફે કુંભો ઉર્ફે કુંભારીયો રણછોડભાઈ ચારોલીયા (ચાવડા) રહે. દોલતી, (તા.સા.કુંડલા) વાળો તથા તેના સાગરીતોએ એકસંપ કરી ગુનાહિત કાવતરૂ રચી અમરેલી જીલ્લાના ખાંભાના પાટી ગામે બંધ મકાનની દિવાલ કુદી દરવાજાના નકુચા તોડી રોકડા રૂપિયા તથા સોના ચાંદીના ઘરેણા મળી કુલ રૂપિયા ૧,૯૯,૪૫૬૪ ની ચોરી કરેલ તેમજ ભાવનગર જીલ્લાના બગદાણા પોલીસ સ્ટેશન તાબાના કુંભારીયા ગામે બંધ મકાનની દિવાલ કુદી દરવાજાના નકુચા તોડી રોકડા રૂપિયા તથા સોના ચાંદીના ઘરેણા મળી કુલ કિ.રૂ.૧,૨૯,૫૦૦૮– મતાની ચોરી કરેલ હતી. આ કામે મજકુર આરોપી વિરૂધ્ધ ખાંભા કોર્ટ તથા ભાવનગર જીલ્લાના મહુવા કોર્ટ દ્વારા સીઆરપીસી ૬,૭૦ મુજબનું વોરંટ ઈશ્યુ કરેલ જે કામે આરોપી આજદિન સુધી નાસતો ફરતો હતો.

જે અન્વયે પોલીસ અધિક્ષક, અમરેલી દ્વારા ગુન્હાના કામે નાસતા ફરતા આરોપી તથા ફરાર કેદીઓ શોધી કાઢવા તથા અસરકારક કામગીરી કરવા જરૂરી સુચના આપેલ હોય જે અન્વયે એ.એમ.પટેલ પો.ઈન્સ.એલ.સી.બી. અમરેલીના માર્ગદર્શન આધારે પેરોલ ફર્લો સ્કવોર્ડ અમરેલીની ટીમને મળેલ ચોકકસ બાતમીનાં આધારે આરોપી અરવિંદ ઉર્ફે કુંભો ઉર્ફે કુંભારીયો રણછોડભાઈ ચારોલીયા (ચાવડા) ને દોલતી ગામેથી તા.૨૬/૭ ના રોજ હસ્તગત કરી આગળની ઘટી કાર્યવાહી કરવા સાવરકુંડલા રૂરલ પોલીસ સ્ટેશનમાં સોંપી આપેલ છે.

## ચાંચ ગામે જાહેરમાં જુગાર રમતા પાંચ પત્તાપ્રેમીઓ ઝડપાયા



અમરેલી, તા. ૨૬

અમરેલી પોલીસ અધિક્ષક હિમકર સિંહએ દારૂ તથા જુગારની પ્રવૃત્તિ કરતા ઈસમો ઉપર વોચ ગોઠવી સફળ દરોડા કરવા સુચના આપેલ હોય મરીન પીપાવાવ પોલીસ સ્ટેશનના પોલીસ સબ.ઈન્સ. એ.આર. છોવાળા તથા પોલીસ સ્ટાફ દ્વારા નાઈટ રાઉન્ડ દરમ્યાન ચોક્કસ બાતમી આધારે ચાંચ ગામે જાહેરમાં સ્ટ્રીટ લાઈટના અંજવાળે જુગાર રમતા વિષ્ણુભાઈ છનાભાઈ બારૈયા રહે. ચાંચ (તા. રાજુલા) સહિત પાંચ ઈસમોને રોકડા રૂ.૧૦,૭૧૦ ના મુદામાલ સાથે પકડી પાડી કાયદેસરની કાર્યવાહી કરેલ છે.

## બગસરા : એસ.ટી.નાં કંડકટરે મોબાઈલ પાવરબેન્ક મુળ માલિકને પરત કરી


તસ્વીર : સમીર વિરાણી–બગસરા

બગસરા, તા. ૨૬

બગસરા એસટી ડેપોમાં કંડકટરની પ્રમાણિકતા જોવા મળી બગસરા એસટી ડેપોમાં ફરજ બજાવતા અરવિંદભાઈ સાગઠીયા એસટી કંડકટર મેંદરડા બગસરાવાળી બસમાં આવતા હતા. કોઈ પેસેન્જર તે બસમાં કિંમતી મોબાઈલ તથા પાવર બેંક ભૂલી જતા અરવિંદભાઈ સાગઠીયાએ પ્રમાણિકતા બતાવી ને તે જ ભાઈને ગોતી મૂળ માલિકને બગસરા એસટી ડેપોના મેનેજરની હાજરીમાં બંને ચીજ વસ્તુ પરત આપી પ્રમાણિકતાની ઉદાહરણ પૂરું પાડયું હતું.

### એસપીની સુચનાથી ક્રાઈમ બ્રાન્ચની કામગીરી

## જાફરાબાદ પંથકમાં મંદિરોમાં ચોરી કરતા ઈસમની અટકાયત કરાઈ

**રૂપિયા 33 હજારનો મુદ્દામાલ કબ્જે થયો**



અમરેલી, તા. ૨૬

જાફરાબાદ વિસ્તારમાં મંદિરોમાં ચોરી કરતા ઈસમને કિંમત રૂા. ૩૩,૦૦૦ ના મુદ્દામાલ સાથે પકડી પાડી, ઘરફોડ ચોરીના બે ગુનાઓ અમરેલી એલ.સી.બી. ટીમે ડીટેકટ કરી લીધા છે.

વિગત એવા પ્રકારની છે કે, ગત તા. ૧૭/૭ ના રોજ જાફરાબાદ, લાઈટ હાઉસ પાસે, દરીયા કિનારે આવેલ સિકોતર માતાજીના મંદિરમાં દિવસ દરમિયાન કોઈ અજાણ્યો ચોર ઈસમ ગેરકાયદેસર પ્રવેશ કરી, મંદિરની દાન પેટીનું તાળુ તોડી રોકડ રૂા. ૩૦૦૦ તથા બાજુમાં આવેલ ભુતડાદાદાના મંદિરમાં રાખેલ દાનપેટનું તાળુ તોડી રૂા. ૧૦૦૦ મળી કુલ રૂપિયા ૪,૦૦૦ ની ચોરી કરી લઈ જઈ ગુનો કરેલ હોય. જે અંગે વિક્રમભાઈ પુનાભાઈ સોલંકી (ઉ.વ. ૪૦) રહે. જાફરાબાદ વાળાએ અજાણ્યા ચોર ઈસમ વિરૂધ્ધ ફરિયાદ આપતા જાફરાબાદ મરીન પોલીસ સ્ટેશનમાં આઈ.પી.સી. કલમ ૩૮૦, ૪૫૪ મુજબનો ગુનો નોંધાયો હતો.

તેમજ ગત તા. ૨૨/૭ નાં રોજ જાફરાબાદ તાલુકાના મીતીયાળા ગામે, વાંઢ ગામના પાટીયા પાસે આવેલ શ્રી ઈન હોટલના મેદાનમાં આવેલ ખોડીયાર માતાજીના મંદિરમાં કોઈ અજાણ્યો ચોર ઈસમ મોટર સાયકલ લઈ આવી, મંદિરમાં રાખેલ દાન પેટી જેમાં આશરે રૂા. ૧૦,૦૦૦ હોય તે દાનપેટીની ચોરી કરી લઈ જઈ ગુનો કરેલ હોય. જે અંગે ચંદુભાઈ કાદુભાઈ શીયાળ (ઉ.વ. ૫૯) રહે. જાફરાબાદવાળાએ અજાણ્યા ચોર ઈસમ વિરૂધ્ધ ફરિયાદ આપતા જાફરાબાદ પોલીસ સ્ટેશનમાં આઈ.પી.સી. કલમ ૩૮૦, ૪૫૪ મુજબનો ગુનો નોંધાયેલ હતો.

અમરેલી પોલીસ અધિક્ષક હિમકરસિંહે અમરેલી જિલ્લામાં બનવા પામેલ મિલકત સબંધી ગુનાના આરોપીઓને શોધી કાઢી, તેમના વિરૂધ્ધ કાયદેસર કાર્યવાહી કરવા અને વણશોધાયેલ ગુનાઓ ડીટેકટ કરવા અમરેલી એલ.સી.બી. ટીમને માર્ગદર્શન આપેલ હોય. જે અન્વયે અમરેલી એલ.સી.બી. પો.ઈન્સ. એ.એમ.પટેલની રાહબરી હેઠળ એલ.સી.બી. ટીમ દ્વારા ઉપરોકત ગુનાના અજાણ્યા આરોપી અંગે સઘન તપાસ હાથ ધરવામાં આવેલ અને તા. ૨૫/૭ નાં રોજ જાફરાબાદ ટાઉન તથા મરીન પોલીસ સ્ટેશન વિસ્તારમાં નાઈટ પેટ્રોલીંગ દરમિયાન મળેલ ચોક્કસ બાતમી હકિકત આધારે જાફરાબાદ, સામાકાંઠા વિસ્તારમાંથી પંકજ સુરેશભાઈ બાંભણીયા, રહે. નવાબંદર, (તા.ઉના) વાળા ઈસમને રોકડા રૂા. ૮,૦૦૦ તથા એક એન્ડ્રોઈડ મોબાઈલ ફોન કિંમત રૂા. ૧૦,૦૦૦ તથા મોટર સાયકલ રજી. નં. જી.જે. ૩૨ એમ. ૪૧૩૧ કિંમત રૂા. ૧૫,૦૦૦ મળી કુલ કિંમત રૂપિયા ૩૩,૦૦૦ ના મુદ્દામાલ સાથે પકડી પાડેલ અને તે ઈસમની સઘન પુછપરછ કરતા તેઓએ ઉપરોકત ચોરીઓની કબુલાત આપતા, તેઓને ચોરીના મુદ્દામાલ સાથે આગળની કાર્યવાહી થવા જાફરાબાદ મરીન પોલીસ સ્ટેશનમાં સોંપી આપેલ છે.

## જિલ્લાની ૧૫ લાખની જનતા ભાજપને ખોબલે ખોબલે મત આપે છતાં પણ


# અમરેલી જિલ્લાને નેશનલ હાઈવેની સુવિધા આપવામાં પણ ઠાગાઠૈયા

બ્રોડગેજ રેલ્વેનાં કોઈ ઠેકાણા નથી પરંતુ પ્રધાનમંત્રી મોદીએ જાહેર કરેલ નેશનલ હાઈવેની કામગીરી શરૂ થતી નથી

જિલ્લાની જનતા છેલ્લા ૩૦ વર્ષથી ભાજપ અને કોંગ્રેસ વચ્ચે ઝુલે ઝુલતી હોય કોઈ સુવિધા અપાવતું નથી

જિલ્લાની તમામ જનતા નાત-જાત કે પક્ષાપક્ષીથી દૂર રહીને એક બને તો જ સુવિધા મળશે તેવું લાગી રહ્યું છે

અમરેલીનાં સાંસદે પણ નવી દિલ્હી ખાતે ઉચ્ચ અધિકારીને રૂબરૂ મળીને સુવિધા આપવા માંગ કરી


પ્રતિકાત્મક તસ્વીર





અમરેલી, તા. ૨૬

સાંસદ નારણભાઈ કાછડીયાએ અમરેલી સંસદીય વિસ્તારમાંથી પસાર થતાં અને કાર્યરત વિવિધ નેશનલ હાઈવે સંબંધીત પરીયોજનાઓના કાર્યમાં પ્રગતિ આવે તે માટે ભારત સરકારના સડક પરીવહન અને રાષ્ટ્રીય રાજમાર્ગ મંત્રાલયના સચિવ અનુરાગ જૈનને રૂબરૂ મુલાકાત કરી લેખીત રજૂઆત કરેલ છે.

સાંસદની રજૂઆતમાં જણાવ્યા પ્રમાણે મહુવા–સાવરકુંડલા –અમરેલી–બગસરા –વડીયા – જેતપુર નેશનલ હાઈવે ૩૫૧ ની લંબાઈ ૧૮૦ કિ.મી. છે. આ પરીયોજનાની જાહેરાત પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા વર્ષ–૨૦૧૫ માં કરવામાં આવી હતી. પરંતુ ત્યાર બાદ વિભાગ તરફથી કામગીરી ગોકળ ગાયની ગતિએ ચાલતા આ પ્રોજેકટની એલાઈમેન્ટની પ્રક્રિયા પૂર્ણ થવામાં ચાર વર્ષ જેવો સમય પસાર થયેલ. ત્યાર બાદ ૧૦ ઓકટોબર ૨૦૧૯ ના રોજ આ પરીયોજનાને પાંચ પેકેજમાં વિભાજીત કરવામાં આવેલ. જેમાં પેકેજ–૧ અંતર્ગત મહુવા થી બાઢડા માર્ગના કામનું ટેન્ડર થયાને ચાર માસથી વધુ સમય થવા આવેલ છે. પરંતુ હજુ સુધી જમીન સંપાદન અંગે વળતર તેમજ ટેન્ડરને મંત્રાલય તરફથી મંજુરી ન મળેલ હોવાને લીધે આ પેકેજનું ટેન્ડર ઓપન થવા પામેલ નથી. તેમજ પેકેજ–૨ અંતર્ગત બાઢડા થી ગાવડકા સુધી ફોરલેન માર્ગ બનાવવાની મંજુરી ઘણા સમય પહેલા આપી દેવામાં આવેલ છે. પરંતુ આ પેકેજનું કામ ખુબ જ ધીમી ગતિએ ચાલતું હોવાથી હજુ સુધી એલાઈમેન્ટનું કામ પણ પૂર્ણ થયેલ નથી. તથા પેકેજ–૩ અંતર્ગત ગાવડકા થી બગસરા સુધીના માર્ગનું ૯૦% ભૂમિ અધિગ્રહણ થઈ ચૂકયુ છે. પરંતુ હજુ સુધી ટેન્ડર પ્રક્રિયા હાથ ધરવામાં આવેલ નથી. તેમજ પેકેજ–૪ અંતર્ગત બગસરા થી વડીયા માર્ગ માટે ભૂમિ અધિગ્રહણની પ્રક્રિયા હજુ સુધી પૂર્ણ થવા પામેલ નથી. તથા પેકેજ–૫ અંતર્ગત વડીયા થી જેતપુર માર્ગ માટે એલાઈમેન્ટની કામગીરી વર્ષ–૨૦૧૯ થી ચાલી રહી છે જે હજુ સુધી પૂર્ણ થવા પામેલ નથી.

ઉપરાંત મહુવા–જેતપુર નેશનલ હાઈવેને સંલગ્ન નાગેશ્રી–ખાંભા–ચલાલા–અમરેલી– ચિતલ–બાબરા–આટકોટ–જસદણ–ચોટીલા નેશનલ હાઈવે નં. ૩૫૧–જી અને ઉના–ધોકડવા– ઈંગોરાળા–ધારી–બગસરા નેશનલ હાઈવે નં. ૩૫૧–કે આ બંને પરીયોજનાઓની જાહેરાત પણ પ્રધાનમંત્રી દ્વારા જ વર્ષ–૨૦૧૫ માં કરવામાં આવેલ હતી. પરંતુ આ બંને પ્રોજેકટનું કાર્ય પણ ખુબ જ ગોકળ ગાયની ગતિએ ચાલી રહેલ હોવાના લીધે હજુ સુધી આ બંને પ્રોજેકટનું એલાઈમેન્ટ કાર્ય પણ પૂર્ણ થવા પામેલ નથી.

સાંસદે વધુમાં રજૂઆત કરતા જણાવેલ હતું કે, વર્તમાનમાં મહુવા થી જેતપુર નેશનલ હાઈવે ખુબ જ જર્જરીત હાલતમાં છે. તેથી આ માર્ગ પર કિ.મી. ૬૩/૩૦૦ થી ૮૨/૨૦૦, કિ.મી. ૪૮/૨૫૦ થી ૪૯/૬૦૦, કિ.મી ૫૭/૮૦૦ થી ૬૩/૩૦૦, કિ.મી ૮૫/૨૦૦ થી ૯૧/૯૦૦ અને કિ.મી ૯૨/૨૦૦ થી ૯૩/૮૦૦ વચ્ચે નવીનીકરણના કામ માટે નેશનલ હાઈવે રાજય તરફથી કરવામાં આવેલ દરખાસ્તને મંજુરી આપી સત્વરે રૂા. ૨૦.૧૨ કરોડની ગ્રાન્ટ ફાળવવા પણ રજૂઆત કરેલ હોવાનું સાંસદ કાર્યાલયની અખબારી યાદીમાં જણાવેલ છે.

---

## સદીનાં મહાન ગાયક મહમંદ રફીને યાદ કરાશે

# અમરેલીમાં આગામી સોમવારે 'વો જબ યાદ આયે' સંગીતમય કાર્યક્રમ

### વોઈસ ઓફ રફી સિકંદરખાન પઠાણ સહિતનાં આર્ટિસ્ટ ડોલાવશે

અમરેલી, તા. ૨૬

ભારત દેશ નદી પરંતુ, સમગ્ર દુનિયાનાં સદીનાં મહાન ગાયક સ્વ.મહમંદ રફીને શ્રધ્ધાજંલિરૂપે આગામી સોમવારે હોટેલ એન્જલમાં સદાબહાર કરાઓ કે કલબ દ્વારા "વો જબ યાદ આયે" સંગીતમય કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે.

આ કાર્યક્રમમાં વોઈસ ઓફ રફી ગણાતા સિંકદરખાન પઠાણ,



વોઈસ ઓફ લતાજી હંસાબેન ગજજર, વોઈસ ઓફ આશાજી ટીના તપસ્વી, વોઈસ ઓફ મુકેશ, ઘનશ્યામ રાવલ સહિતનાં આર્ટિસ્ટ સંગીત પ્રેમીઓને ડોલાવશે. આંમત્રિતોને ઉપસ્થિત રહેવા પેઈન્ટર જોગીએ અનુરોધ કરેલ છે.

---

# આંબરડી ખાતે સીઆરસી ભવનમાં કલાઉત્સવ યોજાયો



સાવરકુંડલા, તા. ૨૬

સીઆરસી કક્ષાનો કલાઉત્સવ આંબરડી સીઆરસી ભવનમાં તમામ પેટા શાળાઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધેલ છે. તેમાં વિશિષ્ટ બાબત એ છે કે CWSNની વિદ્યાર્થીની બહેનોએ પણ ભાગ લઈ નંબર પ્રાપ્ત કરેલ છે. કલાઉત્સવ ૧ થી ૩ નંબર પ્રાપ્ત કરનાર તમામ બાળકોને સીઆરસી કો.ઓ. તરફથી શુભેચ્છા પાઠવવામાં આવી.

---

## ઈન્દિરા શોપિંગ સેન્ટરનાં વેપારીઓની માંગ

# અમરેલીથી આજીડેમ ચોકડી નહી સીટી બસ સ્ટેન્ડ સુધીની બસ સેવા શરૂ રાખો

### એસ.ટી.નાં એમ.ડી.ને પત્ર પાઠવીને રજુઆત કરાઈ

અમરેલી, તા. ૨૬

અમરેલીની ઈન્દિરા શોપીંગ સેન્ટરનાં વેપારીઓએ એસ.ટી.વિભાગનાં એમ.ડી.ને પત્ર પાઠવેલ છે.

પત્રમાં જણાવેલ છે કે, એસ.ટી.નિગમ દ્વારા જનલક્ષી નિર્ણય લઈ શરૂ કરાયેલ અત્યાધુનિક બસ પોર્ટ પર સંકડાશ જણાતા નિગમ દ્વારા આજીડેમ ખાતે ૪.૫ કરોડનાં ખર્ચે આલીશાન બસ સ્ટેશન શરૂ થઈ રહેલ છે. જયાંથી ભાવનગર તથા અમરેલી માટે બસ સેવા શરૂ થનાર છે.

માહિતગાર વર્તુળોના જણાવ્યા અનુસાર અમરેલી અને ભાવનગરની બસો અહીંથી જ ઉપડશે અને અહીં સુધી જ આવશે. અમરેલી જિલ્લાનો ખુબ જ મોટો વહેવાર રાજકોટ સાથે છે. લગભગ જિલ્લાનાં ૧,૦૦૦ જેટલા વિદ્યાર્થી રાજકોટ ભણે છે. જેમાં એસ.ટી.ની અમરેલી જિલ્લાની લગભગ ૬૦ જેટલી બસો દ્વારા ૫૦૦૦ થી ૬૦૦૦ વ્યકિત આવન–જાવન કરે છે. ખાનગી બસો અલગ બધી માર્કેટ તથા સરકારી કચેરી શહેરમાં જ છે. જો એસ.ટી.ની અમરેલી જિલ્લાની બસો આજી ડેમ ખાતેથી ઉપડે કે ત્યાં સુધી જ આવે તો મુસાફરોને પારાવાર અગવડતા પડે તેમ છે.

વધુમાં જણાવે છે કે, રાજકોટ થી અમરેલી આવનાર કે અમરેલી જિલ્લાથી રાજકોટ જનારને આજી ડેમથી સીટીમાં જવા રૂા.૫૦/– જેટલું વધારાનું ભાડુ ખર્ચ કરવું પડશે. જે એસ.ટી.નાં અમરેલી – રાજકોટનાં ભાડા જેટલા જ થઈ જાય. વળી પરિવાર સાથે કે સામાન સાથે રેલ્વેમાં જવું હોય તો હાલાકીનો પાર રહે નહી. સામાન્ય જનતાને રૂા.૫૦/– લેખે લગભગ રોજનાં ૩ થી ૩.૫૦ લાખ (વર્ષે ૪૦ લાખ) કરતા રોજનાં વધારે ભોગવવા પડશે જે જનતા માટે આ મોંઘવારીમાં કમ્મર તોડ ગણાય.

ભુતકાળમાં ભાવનગર ખાતે બધી બસો ગંગાજળીયા તળાવ જતી જે ધીમે ધીમે બંધ કરી માત્ર ડેપો સુધી જ ચલાવાય છે. જે નાના સીટીમાં ચાલે પણ રાજકોટ જેવા મહાનગરમાં જનતાની આર્થિક તથા સામાજીક બંને તકલીફ વધશે.

તો આજી ડેમ ખાતે બસ ડેપો શરૂ કરાય તો પણ અમરેલી જિલ્લાની જનતા માટે રાજકોટ બસ પોર્ટ સુધી જ સંચાલન ચાલુ રાખવા અંતમાં માંગ કરેલ છે.





**ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ**

નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.

ઈન્કમ ટેકસના સર્ટિફીકેટ, 12AB, 80G, ઈન્કમ ટેકસના રીટર્ન વગેરે...

જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યકિતગત કરી આપવામાં આવશે.

વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.

શ્રીનાથજી કોમ્પ્યુટર્સ — ૪૦, પહેલા માળે, હિરકબાગ શો. સેન્ટર, માર્કેટયાર્ડ રોડ, અમરેલી — ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪

**ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ**

મેડીકલેઇમ લેતી વખતે જો તમોને

(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ

જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત–૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.

કેશલેશની સગવડ

સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ

જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.

અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦















### કોંગ્રેસ-બીઆરએસે અવિશ્વાસ પ્રસ્તાવ દાખલ કર્યો

# મોદી સરકાર સામેની અવિશ્વાસની બે દરખાસ્તને સ્પિકરે મંજૂરી આપી

## તમામ પક્ષો સાથે વાત કર્યા બાદ લોકસભાના સ્પીકર જાહેરાત કરશે કે અવિશ્વાસ પ્રસ્તાવ પર ક્યારે ચર્ચા થશે

નવી દિલ્હી, તા.૨૬

કોંગ્રેસે તેલંગાણાની ભારત રાષ્ટ્ર સમિતિ (બીઆરએસ) સાથે મળીને લોકસભામાં પીએમનરેન્દ્ર મોદીની સરકાર વિરુદ્ધ બે અલગ-અલગ અવિશ્વાસની દરખાસ્ત રજૂ કરી છે. લોકસભા સ્પીકર ઓમ બિરલાએ અવિશ્વાસ પ્રસ્તાવને મંજૂરી આપી દીધી છે. તેમણે કહ્યું છે કે તેઓ તમામ પક્ષો સાથે વાત કરશે, પછી જાહેરાત કરશે કે અવિશ્વાસ પ્રસ્તાવ પર ક્યારે ચર્ચા થશે.

મણિપુરમાં ૩ મેથી અત્યાર સુધી જાતિય હિંસામાં ૧૬૦થી વધુ લોકોના મોત થયા છે. બે મહિલાઓનો નગ્ન પરેડનો વીડિયો સામે આવ્યો છે. ત્યારથી વિપક્ષ આ મુદ્દા પર હુમલો કરી રહ્યો છે. વિપક્ષની માંગ છે કે વડાપ્રધાન મણિપુર મુદ્દે ગૃહમાં જવાબ આપે. જેના કારણે વિપક્ષ દ્વારા અવિશ્વાસની દરખાસ્ત લાવવામાં આવી છે.

આવી સ્થિતિમાં કેન્દ્ર સરકાર માટે ચિંતા કરવા જેવું કંઈ છે કે કેમ તે પ્રશ્ન છે. સરકાર પાસે લોકસભામાં સ્પષ્ટ બહુમતી છે. તેથી સરકારને કોઈ સીધો ખતરો નથી.

લોકસભામાં બહુમતીનો આંકડો ૨૭૨ છે. શાસક ગઠબંધન એનડીએ (નેશનલ ડેમોક્રેટિક એલાયન્સ) પાસે ૩૩૧ સાંસદો છે. એકલા ભાજપ પાસે ૩૦૩ સાંસદ છે. બીજી તરફ વિરોધ પક્ષોના ગઠબંધન ભારત પાસે ૧૪૪ સાંસદો છે.

કેસીઆરની પાર્ટી બીઆરએસ, વાયએઓસજગન રેડ્ડીની પાર્ટી વાયએસઆરસીપીઅને નવીન પટનાયકની પાર્ટી બીજેડીમળીને ૭૦ સાંસદો છે. આ પક્ષો હજુ પણ વિપક્ષામાં છે, પરંતુ વિપક્ષી ગઠબંધન ભારતનો ભાગ નથી.

અવિશ્વાસ પ્રસ્તાવ સંસદીય ટૂલ છે. વિપક્ષ દ્વારા તેનો ઉપયોગ ત્યારે કરવામાં આવે છે જ્યારે તેને લાગે છે કે સરકારે સંસદનો વિશ્વાસ ગુમાવ્યો છે. અવિશ્વાસનો પ્રસ્તાવ લાવ્યા બાદ સરકારે લોકસભામાં બહુમતી સાબિત કરવી પડે છે.

બહુમતી સાબિત ન થાય તો સરકાર પડી જાય છે. સરકાર જ્યાં સુધી લોકસભામાં બહુમતી હોય ત્યાં સુધી સત્તામાં રહી શકે છે.

### અમદાવાદ અને ગાંધીનગરમાં છૂટાછવાયા ઝાપટા પડશે

# આગામી બે દિવસ દક્ષિણ ગુજરાતમાં વરસાદની હવામાન વિભાગની આગાહી

## અત્યાર સુધી રાજ્યમાં ૮૦ ટકા વરસાદ નોંધાયો છે

અમદાવાદ, તા.૨૬

ગુજરાતમાં હવામાન વિભાગની આગાહી અનુસાર આગામી દિવસો હજુ પણ ભારે વરસાદ પડી શકે છે. જેમાં રાજ્યમાં ૨ દિવસ દક્ષિણ ગુજરાતમાં ભારે વરસાદની આગાહી છે. ડાંગ, વલસાડ, નવસારી, દમણમાં ભારે વરસાદ પડી શકે છે. આ ઉપરાંત અમદાવાદ અને ગાંધીનગરમાં છૂટાછવાયા ઝાપટા પડશે. જ્યારે સૌરાષ્ટ્ર અને કચ્છમાં ભારે વરસાદની કોઈ સંભાવના નથી. તેમજ અત્યાર સુધી રાજ્યમાં અત્યાર સુધીમાં ૮૦ ટકા વરસાદ નોંધાયો છે. રાજ્યમાં વરસાદનું જોર ધીમું પડ્યું છે. જેમાં છેલ્લા ૨૪ કલાકમાં ૧૬ તાલુકામાં નોંધપાત્ર વરસાદ થયો છે. જેમાં સૌથી વધુ સુરતના કામરેજમાં પોણા ચાર ઈંચ વરસાદ,કપરાડામાં સાડા ત્રણ ઈંચ વરસાદ પડ્યો છે. જ્યારે રાજ્યમાં આ સિઝનમાં અત્યાર સુધી ૮૦ ટકા વરસાદ પડ્યો છે. જેમાં સૌથી વધુ કચ્છમાં ૧૩૫ ટકા વરસાદ,સૌરાષ્ટ્રમાં આ સિઝનનો ૧૦૫ ટકા વરસાદ,ઉત્તર ગુજરાતમાં ૬૧ ટકા વરસાદ અને દક્ષિણ ગુજરાતમાં ૫૭ ટકા વરસાદ ખાબક્યો છે.

### કોરોના વાયરસને લઈને WHO એ ચિંતા વ્યક્ત કરી

# અબુ ધાબીમાં એમઈઆરએસ કોરોનાનો નવો કેસ નોંધાયો

## આ એક વાયરલ શ્વાસ સંબંધિત બીમારી છે જે માર્સકોરોના વાયરસના કારણે થાય છે, જે સાર્સ વાયરસની જેમ જ છે

અબુ ધાબી, તા.૨૬

વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન (ડબલ્યુએચઓ)એ કોરોનાવાયરસને લઈને એકવાર ફરીથી ચિંતા વ્યક્ત કરી છે. સંયુક્ત અરબ અમીરાતની રાજધાની અબુ ધાબીમાં એમઈઆરએસ કોરોનાવાયરસનો એક નવો કેસ નોંધાયો છે. ૨૦૧૨માં પહેલી વખત આ વાયરસની ઓળખ થયા બાદ અબુ ધાબીમાં આ પહેલો કિસ્સો છે.

અબુ ધાબીમાં જે દર્દીને કોરોનાનો નવો વેરિઅન્ટ માર્સ-કોવની સારવાર કરવામાં આવી રહી છે. તે ૨૮ વર્ષની એક વ્યક્તિ છે જેને ઘણી બધી સ્વાસ્થ્ય સંબંધિત સમસ્યાઓ હતી. તે વ્યક્તિમાં વાયરસના લક્ષણ દેખાતા તાત્કાલિક તેને દાખલ કરવામાં આવ્યો.

માર્સ-કોવ (મિડલ ઈસ્ટ રેસ્પિરેટરી સિન્ડ્રોમ કોરોનાવાયરસ) જેવુ જ છે. આ એક જૂનોટિક વાયરસ છે. આ એક વાયરલ શ્વાસ સંબંધિત બીમારી છે જે માર્સકોરોના વાયરસના કારણે થાય છે. જે સાર્સવાયરસની જેમ જ છે. આ સામાન્યરીતે ઊંટ અને અન્ય જાનવરોમાં જોવા મળે છે.

સંક્રમિત જાનવરો કે પશુ ઉત્પાદોના સંપર્કમાં આવવાથી આ માનવીથી અન્ય માનવીમાં ફેલાય છે. આ એક વ્યક્તિથી અન્ય વ્યક્તિના સંપર્કમાં આવવાથી પણ ફેલાય છે. ઘણા કિસ્સા એવા પણ સામે આવ્યા છે જેમાં આ બીમારીએ ઘાતક રૂપ બતાવ્યુ છે.

માર્સ-કોવના સામાન્યથી લઈને ગંભીર લક્ષણ હોઈ શકે છે અને આમાં તાવ, ખાંસી અને શ્વાસ લેવામાં તકલીફ સામેલ છે. અમુક મામલામાં આનાથી નિમોનિયા કે કિડની ફેલિયર પણ હોઈ શકે છે.

જે લોકોને ગંભીર બીમારીનું જોખમ વધુ છે, તેમની ઈમ્યુનિટી ખૂબ કમજોર હોય છે. જેમ કે જૂની બીમારીઓથી પીડિત કે અમુક દવાઓ લેતા લોકો. દર્દીમાં જ્યારે લક્ષણ તરીકે ઉલટી, ટોયલેટમાં મુશ્કેલી થવા લાગે તો તેણે પોતાનું ચેકઅપ કરાવ્યુ. યુવકના પેટથી લઈને ગળા સુધી ગંભીર ઈન્ફેક્શન ડબલ્યુએચઓઅનુસાર વર્ષ ૨૦૧૨ બાદથી રિપોર્ટ કરવામાં આવેલા એમઈઆરએસ કેસની કુલ સંખ્યા ૨,૬૦૫ છે, જેમાં ૯૩૬ મોત નીપજ્યા છે. તેની ઓળખ બાદથી ૨૭ દેશોએ એમઈઆરએસ કેસની માહિતી આપી. જેમાં અલ્જીરિયા, ઑસ્ટ્રિયા, બહેરીન, ચીન, ઈજિપ્ત, ફ્રાન્સ, જર્મની, ગ્રીસ, ઈસ્લામિક રિપબ્લિક ઑફ ઈરાન, ઈટાલી, જોર્ડન, કુવૈત, લેબનોન, મલેશિયા, નેધરલેન્ડ, ઓમાન, ફિલિપાઈન્સ, કતાર, કોરિયા પ્રજાસત્તાક, સાઉદી અરેબિયા, થાઈલેન્ડ, ટ્યુનિશિયા, તુર્કી, યુનાઈટેડ આરબ અમીરાત, યુનાઈટેડ કિંગડમ, યુનાઈટેડ સ્ટેટ્સ અને યમનનો સમાવેશ થાય છે.

ડબલ્યુએચઓ અબુ ધાબીની સ્થિતિ પર ઝીણવટપૂર્વક નજર રાખી રહ્યુ છે અને આરોગ્ય સંભાળ પ્રદાતાઓ અને અન્ય અધિકારીઓને વાયરસની આગળ પ્રસારને રોકવા વિશે તકનીકી માર્ગદર્શન આપી રહ્યુ છે. ડબલ્યુએચઓસમગ્ર દુનિયામાં ઓળખાતા માર્સ-કોવના કોઈ પણ નવા મામલે સમયસર અપડેટ આપવા માટે પણ પ્રતિબદ્ધ છે.

ડબલ્યુએચઓએ આ સંક્રમણથી દૂર રહેવા માટે દુનિયાના તમામ દેશો માટે એક માહિતી જાહેર કરી છે. જેમાં કહેવામાં આવ્યુ છેકે તમામ લોકોને વિનંતી છે કે તેઓ બહારથી આવીને કે તમારી આસપાસના પેટની તબિયત ખરાબ હોય તો હાથ જરૂર ધોવો. આવા લોકોથી બચીને રહો જેમનામાં માર્સ-કોવકે શ્વાસ સંબંધિત બીમારીના લક્ષણ જોવા મળી રહ્યા છે. પોતાના ચહેરાને વારંવાર સ્પર્શ ન કરો. જાનવરો કે ડેરી પ્રોડક્ટ, ઊંટનું માંસ કે ઊંટનો સંપર્ક ટાળો. ખાંસી કે છીંકતી વખતે પોતાનું મોં અને નાકને ઢાંકીને છીંકો.

### દેશવાસીઓના સન્માન માટે વિજય દિવસ : શાહ

# કારગિલ વિજયના ૨૪ વર્ષ, નરેન્દ્ર મોદીએ સેનાના જવાનોને કર્યા યાદ

## એક સંબોધનમાં રક્ષા મંત્રીએ કહ્યું કે, ૧૯૯૯માં દેશના સૈનિકોએ ભારતની રક્ષા માટે જે બહાદુરી દર્શાવી હતી તે સુવર્ણ અક્ષરોમાં લખવામાં આવશે

નવી દિલ્હી, તા.૨૬

આજે ૨૬મી જુલાઈએ સમગ્ર દેશ કારગિલ વિજય દિવસની ઉજવણી કરી રહ્યો છે. ૨૪ વર્ષ પહેલા ૧૯૯૯માં આજના દિવસે કારગીલે શિખરો પર ઘૂસી ગયેલા દુશ્મનને ભગાડીને વિજય જાહેર કર્યો હતો. આ અવસર પર વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ભારતીય સેનાના નાયકોને યાદ કર્યા છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ટ્વિટ કરીને લખ્યું કે, કારગિલ વિજય દિવસ ભારતના તે અદભૂત બહાદુરોની શૌર્ય ગાથાને સામે લાવે છે, જે હંમેશા દેશવાસીઓ માટે પ્રેરણા બની રહેશે.

આ ખાસ દિવસે, હું મારા હૃદયના ઊંડાણથી તેમને નમન કરું છું અને વંદન કરું છું. ભારત લાઈવ! કેન્દ્રીય રક્ષા મંત્રી રાજનાથ સિંહ કારગિલ વિજય દિવસ નિમિત્તે લદ્દાખના દ્રાસમાં કારગિલ યુદ્ધ સ્મારક પહોંચ્યા હતા. તેમણે કારગિલ યુદ્ધમાં શહીદ થયેલા જવાનોને શ્રદ્ધાંજલિ આપી હતી. એક સંબોધનમાં રક્ષા મંત્રીએ કહ્યું કે, ૧૯૯૯માં દેશના સૈનિકોએ ભારતની રક્ષા માટે જે બહાદુરી દર્શાવી હતી તે સુવર્ણ અક્ષરોમાં લખવામાં આવશે.

તેમણે કહ્યું, આજે આપણે ખુલ્લી હવામાં શ્વાસ લઈ શકીએ છીએ કારણ કે આપણા સૈનિકોએ ૦ ડિગ્રીથી ઓછા તાપમાનમાં ઓક્સિજનની અછત હોવા છતાં તેમની બંદૂકો ક્યારેય નીચે કરી નથી. આજે કારગીલમાં ભારતનો ધ્વજ ફરકાવવામાં આવી રહ્યો છે કારણ કે ૧૯૯૯માં ભારતના સૈનિકોએ પોતાની બહાદુરીનો પરિચય આપતાં દુશ્મનોની છાતી પર તિરંગો ફરકાવ્યો હતો. આ પ્રસંગે ગૃહમંત્રી અમિત શાહે ટ્વીટ કરીને કહ્યું કે, કારગિલ વિજય દિવસ કરોડો દેશવાસીઓના સન્માનનો વિજય દિવસ છે. આ તે તમામ પરાક્રમી યોદ્ધાઓને શ્રદ્ધાંજલિ આપવાનો દિવસ છે જેમણે પોતાની માતૃભૂમિના દરેક કણની આકાશથી ઉંચી ભાવના અને પર્વતની જેમ ચુસ્ત સંકલ્પ સાથે રક્ષણ કર્યું હતું.

શાહે આગળ લખ્યું કે, ભારત માતાના બહાદુર સૈનિકોએ પોતાના બલિદાનથી આ વસુંધરા સર્વોપરીનું ગૌરવ, ગૌરવ અને ગૌરવ માત્ર જાળવી રાખ્યું નથી, પરંતુ તેમની જીતેલી પરંપરાઓને પણ જીવંત રાખી છે. આભારી રાષ્ટ્ર વતી, હું કારગીલની દુર્ગમ પહાડીઓ પર ફરી ગર્વથી ત્રિરંગો લહેરાવીને દેશની અખંડિતતાને અકબંધ રાખવાના તમારા સમર્પણને સલામ કરું છું.

### મણિપુરમાં જાતીય હિંસાના પડઘા અમેરિકામાં પડ્યા

# મણિપુરમાં હિંસાનો અમેરિકાના અનેક પ્રાંતમાં વિરોધ, લોકો રસ્તા પર ઊતર્યા

## ન્યૂજર્સીમાં આઈએએમસીએ એક દેખાવો અને કેન્ડલ માર્ચનું આયોજન કરી મણિપુર મુદ્દે અવાજ ઊઠાવ્યો

કેલિફોર્નિયા, તા.૨૬

ભારતીય અમેરિકીઓ અને તેમના સહયોગીઓએ મણિપુરમાં ચાલી રહેલી જાતિય હિંસાને વખોડતાં વીકેન્ડ પર અમેરિકી પ્રાંત કેલિફોર્નિયા, ન્યૂજર્સી અને મેસાચ્યુસેટ્સમાં દેખાવો કર્યા હતા. ઉલ્લેખનીય છે કે મણિપુરમાં અત્યાર સુધીમાં સેંકડો લોકો માર્યા ગયા છે અને હજારોની સંખ્યામાં લોકો વિસ્થાપિત થયા છે. તાજેતરમાં મહિલાઓની નગ્ન પરેડના વીડિયો અને સામૂહિક દુષ્કર્મની ઘટનાએ ભારત સહિત વિશ્વભરમાં રોષ પેદા કર્યો હતો. તેના વિરોધમાં જ આ દેખાવો કરવામાં આવ્યા હતા.

કેલિફોર્નિયામાં ભારતીય અમેરિકી તથા સહયોગી નોર્થ અમેરિકન મણિપુર ટ્રાઈબલ એસોસિએશન (એનએએમટીએ), ઈન્ડિયન અમેરિકન મુસ્લિમ કાઉન્સિલ (આઈએએમસી) અને આંબેડકર કિંગ સ્ટડી સર્કલ સહિત અનેક સમૂહો દ્વારા આયોજિત દેખાવો માટે ઓકલેન્ડ સિટી હોલ ખાતે એકઠાં થયા હતા. એનએએમટીએના સંસ્થાપક સભ્ય નિયાંગ હાંગ્જોએ કહ્યું કે એ લોકોએ અમારા લોકોને ઘરોથી બહાર કાઢી મૂક્યા. તેમણે અમારા ઘર, અમારી સંપત્તિઓને બાળી નાખી. તેમણે લૂંટફાટ કરી, હત્યા કરી અને દુષ્કર્મ પણ કર્યા. તેમણે અમારા લોકોને જીવતા બાળી નાખ્યા, માથા વાઢી નાખ્યા. તેમણે અમને બરબાદ કરી દીધા. બધુ ખાકમાં મિલાવી દીધું. તેમણે કહ્યું કે આ કૂકી-જોમી સમુદાયના લોકોનો નરસંહાર છે.

દુનિયા ક્યાં સુધી ચૂપ રહેશે? આ દરમિયાન ન્યૂજર્સીમાં આઈએએમસીએ એક દેખાવો અને કેન્ડલ માર્ચનું આયોજન કરી મણિપુર મુદ્દે અવાજ ઊઠાવ્યો હતો. તેમાં સ્થાનિક ચર્ચા, એનએએમટીએ અને નેશનલ એસોસિએશન ઓફ એશિયન ઈન્ડિયન ક્રિશ્ચિયન્સના સભ્યો સહિત વિવિધ આસ્થા અને જાતીય પૃષ્ઠભૂમિના લોકોએ ભાગ લીધો હતો. જ્યારે મેસાચ્યુસેટ્સમાં અનેક ભારતીય અમેરિકી અને સહયોગી પીડિતો સાથે એકજૂટતા દર્શાવવા લોકો એકત્રિત થયા અને તેમણે એકજૂટ થઈને રાષ્ટ્રપતિ બાયડેન સરકારને હસ્તક્ષેપ કરવા તથા પીએમ મોદીને મણિપુરમાં વધતી હિંસાને રોકવા આગ્રહ કર્યો હતો.

### એન્ડ્રોઈડ સ્માર્ટ ફોનને લઈને મહત્વના સમાચાર

# એન્ડ્રોઇડ ૪.૪ કિટકેટ માટે એન્ડ્રોઈડ સપોર્ટ બંધ કરવાનો ગૂગલનો નિર્ણય

## કિટકેટ એન્ડ્રોઇડ વર્ઝન વર્ષ ૨૦૧૩માં લોન્ચ કરાયું હતું

નવી દિલ્હી, તા.૨૬

જી હા, અત્યારે જીવવા માટે જરૂરી થઈ ગયેલા એન્ડ્રોઈડ સ્માર્ટ ફોનને લઈને એક મહત્વના સમાચાર જાણવા મળી રહ્યા છે.

જો તમે પણ એન્ડ્રોઈડ સ્માર્ટફોનનો ઉપયોગ કરો છો, તો પહેલાં એક વખત આ સમાચાર ચોક્ક્સ વાંચી લો, કારણ કે છે સર્ચ એન્જિન ગણાતા ગૂગલે કેટલાક સ્માર્ટફોન માટે એન્ડ્રોઈડ સપોર્ટ બંધ કરવાનો નિર્ણય લીધો છે.

ગૂગલના આ નિર્ણયનો સીધેસીધો અર્થ એવો થાય છે કે તમારો ફોન યોગ્ય હવે તમારો ફોન સારી રીતે કામ કરશે નહીં. તમે આ ફોનમાં કોઈપણ પ્રકારની એપ્લિકેશનનો ઉપયોગ કરી શકશો નહીં. એટલું જ નહીં પણ તમારા ફોનમાં રહેલાં ડેટાની સુરક્ષા પણ શંકાના દાયરામાં આવી શકે છે.

જોકે, હવે તમને સવાલ એ થઈ રહ્યો હશે કે આખરે કયા ફોન છે કે જેને ગૂગલ સપોર્ટ બંધ કરશે તો આ માટે કહેવાઈ રહ્યું છે કે ગૂગલે એન્ડ્રોઈડ ૪.૪ કિટકેટ માટે એન્ડ્રોઈડ સપોર્ટ બંધ કરવાનો નિર્ણય લીધો છે.

પરિણામે હવે આ ફોન પહેલી ઓગસ્ટ પછી ભંગાર બની જશે. અત્રે ઉલ્લેખનીય છે કે કિટકેટ એન્ડ્રોઈડ વર્ઝન વર્ષ ૨૦૧૩માં લોન્ચ કરવામાં આવ્યું હતું. આનો અર્થ એ છે કે જો તમારો સ્માર્ટફોન કિટકેટ અથવા તેના પહેલાના એન્ડ્રોઈડ વર્ઝન પર આધારિત છે, તો ગૂગલ તેનો સપોર્ટ બંધ કરી રહ્યું છે.

સરળ શબ્દોમાં કહીએ તો, ગૂગલ સિસ્ટમ લગભગ ૧૦ વર્ષ જૂના સ્માર્ટફોન પર કામ કરશે નહીં. મળી રહેલી માહિતી અનુસાર, આ સ્માર્ટફોન્સમાં પહેલી ઓગસ્ટથી સમગ્ર દેશમાં ઈન્ટરનેટ સપોર્ટ બંધ થઈ શકે છે.

રિપોર્ટમાં આગળ આપવામાં આવેલી માહિતી મુજબ, હાલમાં માત્ર ૧% એન્ડ્રોઈડ સ્માર્ટફોન અને ટેબ્લેટ એન્ડ્રોઈડ કિટકેટ એન્ડ્રોઈડ સિસ્ટમ પર આધારિત છે.

આ સ્માર્ટફોન પર ગૂગલ પ્લે સર્વિસ સપોર્ટ કરશે નહીં. જ્યારે ગૂગલ પ્લેસપોર્ટ બંધ થઈ જાય છે, ત્યારે ઑપરેટિંગ સિસ્ટમ સંપૂર્ણપણે કામ ઠપ્પ થઈ જાય છે.

આ ઉપરાંત આ ફોન ઉપયોગની દ્રષ્ટિએ પણ સંપૂર્ણપણે સુરક્ષિત રહેશે નહીં. આવી પરિસ્થિતિમાં યુઝર્સ પાસે ફોન બદલવા સિવાય બીજો કોઈ વિકલ્પ બચતો નથી.

### ભારતમાં વન-ડે ક્રિકેટ વર્લ્ડ કપ ૫ ઓક્ટોબરથી શરૂ થશે

# ભારત-પાક. મેચ ૧૫ને બદલે ૧૪ ઓક્ટો. યોજાવાની શક્યતા

## એજન્સીઓની બીસીસીઆઈને સુરક્ષાની ચિંતાઓને કારણે મેચને કોઈ અન્ય તારીખે શિફ્ટ કરવાની સલાહ

નવી દિલ્હી, તા.૨૬

ભારતીય ક્રિકેટ ટીમે આ વર્ષના અંતમાં યોજાનાર વનડે વર્લ્ડ કપ ૨૦૨૩માં પાકિસ્તાનનો સામનો કરવાનો છે. બંને ટીમો વચ્ચે ૧૫ ઓક્ટોબરના રોજે અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં ટક્કર થશે. આઈસીસીએ પહેલાથી જ શિડ્યૂલને અંતિમ રૂપ આપી દીધું છે અને ગયા મહિને તેને જાહેર પણ કરી દીધું છે, પરંતુ આ વર્ષે ટુર્નામેન્ટની સૌથી પ્રતિષ્ઠિત મેચોમાંની એકની તારીખમાં ફેરફાર થવાની સંભાવના છે.

મળેલા અહેવાલો અનુસાર ભારત અને પાકિસ્તાન મેચની તારીખ બદલાઈ શકે છે. જે દિવસે બંને ટીમો વચ્ચે મેચ થવા જઈ રહી છે તે નવરાત્રિનો પહેલો દિવસ છે. ગુજરાતમાં આખી રાત ગરબા નૃત્ય સાથે ઉજવવામાં આવે છે. એજન્સીઓએ બીસીસીઆઈને સુરક્ષાની ચિંતાઓને કારણે મેચને કોઈ અન્ય તારીખે શિફ્ટ કરવાની સલાહ આપી છે. મળેલા અહેવાલો અનુસાર મેચ નિર્ધારિત સમયના એક દિવસ પહેલા ૧૪ ઓક્ટોબરે યોજવામાં આવી શકે છે.

બીસીસીઆઈ પણ સુરક્ષા એજન્સીઓની સલાહ પર વિચાર કરી રહી છે અને ટૂંક સમયમાં અંતિમ નિર્ણય લેવામાં આવશે. એજન્સીઓએ બોર્ડને કહ્યું છે કે આવા પ્રસંગોએ ભારત અને પાકિસ્તાન જેવી હાઈ-પ્રોફાઈલ મેચ ટાળવી જોઈએ. આ મેચ માટે હજારો ચાહકો અમદાવાદ પહોંચવાના છે. જો મેચના શિડ્યુલમાં ફેરફાર કરવામાં આવે તો ચાહકોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી શકે છે. ચાહકોએ મેચ માટે અમદાવાદની લગભગ તમામ હોટલો બુક કરી દીધી છે. આ ઉપરાંત તેઓએ હોસ્પિટલમાં પણ બેડ માટે સંપર્ક કર્યો છે.જો શિડ્યુલમાં ફેરફાર થશે તો મોટા પાયે હોટેલ બુકિંગ કેન્સલ થવાની સંભાવના છે. ટૂર્નામેન્ટની ઓપનિંગ મેચ પણ અમદાવાદમાં ૫ ઓક્ટોબરે ઈંગ્લેન્ડ અને ન્યૂઝીલેન્ડ વચ્ચે યોજાવાની છે. ટુર્નામેન્ટને બે મહિનાથી વધુ સમય બાકી છે, પરંતુ ટિકિટના વેચાણ અંગે હજુ સુધી કોઈ અપડેટ નથી. જેના કારણે ચાહકોની નિરાશા વધી છે. એવું માનવામાં આવે છે કે બીસીસીઆઈભારત-પાકિસ્તાન મેચ પર અંતિમ નિર્ણય લીધા બાદ ટિકિટનું વેચાણ શરૂ કરશે.

### ઇસ્કોન બ્રિજ અકસ્માત મામલો

# ઇસ્કોન બ્રિજ અકસ્માત કેસમાં ફોરેન્સિક અને ટેક્નિકલ તપાસ પૂર્ણ

અમદાવાદ, તા.૨૬

અમદાવાદમાં ચકચારી ઈસ્કોન બ્રિજ અકસ્માત કેસની તપાસ હવે પૂર્ણતાના આરે પહોંચી છે. ટૂંક સમયમાં તપાસ અધિકારી કેસની ચાર્જશીટ ફાઈલ કરશે. અત્યાર સુધીની પોલીસ તપાસમાં ફોરેન્સિક અને ટેક્નિકલ તપાસ પૂર્ણ કરવામાં આવી છે.ત્યારે પોલીસની ચાર્જશીટમાં તથ્યકાંડને લઈને ચોંકાવનારા ખુલાસા સામે આવી શકે તેમ છે.મહત્વપૂર્ણ છે કે ઈસ્કોન બ્રિજ અકસ્માત કેમાં કુલ ૯ લોકોના મોત નિપજ્યા હતા.

આ દરમ્યાન, અમદાવાદમાં ઈસ્કોન બ્રિજ અકસ્માતના આરોપી તથ્ય પટેલના વધુ એક કાંડનો પર્દાફાશ થયો છે. જેમાં અમદાવાદ બાદ હવે ગાંધીનગરના સાંતેજ પોલીસ મથકે પણ તથ્ય વિરુદ્ધ ફરિયાદ નોંધાઈ છે . જેમાં ગત ૩૧ ડિસેમ્બરની રાત્રે તથ્યએ વાંસજડાથી સાણંદ જતાં મુખ્ય માર્ગ પર આવેલા મંદિરના પિલર સાથે જેગુઆર કાર અથડાવી હતી.કારની ટક્કર એટલી જોરદાર હતી કે મંદિરનો એક ભાગ નમી ગયો હતો અને બળીયાદેવના

''અમરેલી એક્સપ્રેસ''
અમરેલી શહેરમાં આપને ''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક અનિયમિત મળતું હોય તો તુરંત જ સંપર્ક કરો.
સુમીત ચંદારાણા મો. ૮૭૩૫૦ ૧૨૭૨૭

### ટામેટા અંગે કેબિનેટ મંત્રી ઋષિકેશ પટેલનું નિવેદન

# ટામેટા એકમાત્ર ખાવાની ચીજ નથી : ઋષિકેશ પટેલ

## ટામેટા એકમાત્ર જ ખાવાની ચીજ નથી, ટામેટાનો સપ્લાય વધશે ત્યારે ભાવમાં ઘટાડો નોંધાશે

અમદાવાદ, તા.૨૬

દેશભરમાં સતત પડી રહેલા વરસાદે શાકભાજી અને ફૂટના ભાવમાં આસમાની વધારો કરી દીધો છે. મોંઘવારીના ભયાનક ઓવરડોઝથી આમ જનતા રીતસર ત્રાહિમામ્ પોકારી ગઈ છે. ટામેટા અને શાકભાજીના ભાવમાં ધરખમ વધારો થતા ગૃહિણીઓને રોજ શું બનાવું તેની ચિંતા વધી છે.

ટામેટાના ભાવને લઈને પૂછવામાં આવેલા સવાલનો રાજ્ય સરકારના પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલે ચોંકાવનારો જવાબ આપ્યો છે.

સરકારના પ્રવક્તા મંત્રીને પ્રેસ કોન્ફરન્સમાં ટામેટાના વધતા ભાવને લઈને સવાલ પૂછવામાં આવ્યો હતો. જેના જવાબમાં તેઓએ જણાવ્યું કે આમ તો જોવા જઈએ તો ટામેટા એકમાત્ર ખાવાની ચીજ નથી. પરંતુ ટામેટા, બટાકા, શાકભાજી આ તમામે તમામ વસ્તુઓ જે જીવન જરૂરિયાત અને સવારના કોઈપણ ગૃહિણીને જરૂર પડે એવી તમામ બાબતો ડિમાન્ડ સપ્લાયના આધારે પણ નક્કી થતી હોય છે. પરંતુ જેમ જેમ સમય બદલાય અને આ પણ તમે આગામી સમયમાં જોશો તો શાકભાજીના ભાવ હોય કે બીજા સપ્લાય વધતાથી સાથે જ ભાવ કંટ્રોલમાં

### સમતા સૈનિક દળ દ્વારા રજૂઆત થઈ

# બાબરા : સુરેન્દ્રનગર અને અમદાવાદ પંથકમાં અનુ.જાતિ વ્યકિતને ન્યાય આપો

**મામલતદાર મારફત રાષ્ટ્રપતિને આવેદનપત્ર પાઠવ્યું**

બાબરા, તા. ૨૬

અનુ.જાતિ, જનજાતિના લોકો ઉપર થયેલ અમાનુસી અત્યાચારના વિરોધમાં સમતા સૈનિક દળ તેમજ બાબરાના આગેવાનો દ્વારા રાષ્ટ્રપતિને આવેદન પત્ર આપવામાં આવ્યું.

આવેદનપત્રમાં જણાવેલ છે કે, સુરેન્દ્રનગર જીલ્લાના ચુડા તાલુકાના સમઢિયાળા ગામે અનુ.જાતિના ખેડૂત આલાભાઈ તેમજ મનુભાઈ પોતાના પરિવાર સાથે ખેતી કામ કરતા હતા તે દરમ્યાન ત્યાંના માથાભારે તત્વો દ્વારા તીક્ષ્ણ હથિયારો સાથે હુમલો કરતા આલાભાઈ તેમજ મનુભાઈને બેરહેમીથી માર મારતા આ બન્ને ભાઈઓનાં મૃત્યુ થયેલ છે. અને પરિવારના અન્ય સદસ્યો જેમાં મહિલાઓ અને બાળકો પણ સામેલ હતા તેને ગંભીર ઈજાઓ કરવામાં આવેલ છે. આ બંને ભાઈઓએ અગાઉ સુરેન્દ્રનગર ડી.એસ.પી. અને સ્થાનિક પોલીસને અવાર–નવાર લેખિત ફરિયાદ કરેલ હતી પણ પોલીસ દ્વારા કોઈ કાર્યવાહી કરવામાં આવેલ ન હતી જેથી આ બંને ભાઈઓએ જીવ દેવો પડયો. એટ્રોસિટી એકટના કાયદામાં બેઠા જમીન આપવાની જોગવાઈ નહી હોવા છતાં ઘણા કિસ્સામાં પોલીસ દ્વારા એટ્રોસિટી એકટની ફરિયાદમાં બેઠા જમીન આપી દેવાતા હોવાથી આવા માથાભારે તત્વોની હિંમત વધી જતી હોય છે જે ખુબ ગંભીર બાબત છે.


તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

અનુ.જાતિના લોકોની કોઈ પણ સાદી અરજીમાં પણ જો પોલીસ દ્વારા કાર્યવાહી કરવામાં આવે તો આવા ગંભીર પ્રકારના ગુન્હા બનતા અટકી શકે.

બીજા કિસ્સામાં અમદાવાદ મુકામે નરોડા વિસ્તારમાં સફાઈ કામદાર અનિતાબેન વાઘેલા માથાભારે તત્વના તાબે નહી થતા તેની બે રહેમીથી હત્યા કરવામાં આવેલ છે.

મણિપુરમાં બે આદિવાસી બહેનોને જાહેરમાં નગ્ન ફેરવી તેની ઉપર સામુહિક બળાત્કાર કરવામાં આવેલ છે. આ રાક્ષસી કૃત્ય કરનારને તાત્કાલીક ફાંસી આપવામાં આવે અને આ તમામ પરિવારને ન્યાય આપવામાં આવે તે અંગેનું આવેદનપત્ર સમાજના આગેવાનો મંગાભાઈ મારૂ, નરેશભાઈ મારૂ, રાજુભાઈ સાગઠીયા, યોગેન્દ્ર મારૂ, પ્રવીણભાઈ વાળા, સોમભાઈ સોઢલિયા, લખનભાઈ પરમાર, જગદીશભાઈ પરમાર, મુન્નાભાઈ પરમાર, દેવશીભાઈ મારૂ, અશોકભાઈ પરમાર, સંજયભાઈ પરમાર, રમેશભાઈ નરશીભાઈ, અજયભાઈ, અનિલભાઈ બગડા, મનસુરભાઈ મકવાણા, મહેશભાઈ ચરખા, પ્રકાશ પરમાર, કિરીટભાઈ પરમાર, ચિરાગભાઈ પરમાર, મનુભાઈ મુળાભાઈ, અરવિંદભાઈ પરમાર, ગીરીશ ડી. મકવાણા, વિપુલ કે. પરમાર, કિશોર એન. પરમાર, પ્રતાપ પરમાર, લાલજીભાઈ મેપાભાઈ, અનિભાઈ સોઢલીયા, વિપુલ કમાભાઈ, મનસુખભાઈ સાગઠીયા, જયેશ વી. મેવાડા, મહેશભાઈ ચૌહાણ, સંદીપ મેવાડા, મહેશભાઈ સોલંકી, ધીરજ એમ. પરમાર, સોમાભાઈ બચુભાઈ તેમજ સમતા સૈનિક દળના પ્રદેશ અધ્યકસ પી.એલ. મારૂ દ્વારા મામલતદારને આવેદનપત્ર આપવામાં આવેલ હતું.

### પાલિકાના વહીવટદાર શહેરીજનોને યોગ્ય સુવિધા આપી શકતા નથી

# ચલાલામાં ઠેકઠેકાણે વરસાદી પાણીનો ભરાવો થતાં મચ્છરનો ઉપદ્રવ વધી ગયો

**દવા છંટકાવ, પ્રિ–મોન્સુન જેવી કામગીરીનાં કોઈ ઠેકાણા નથી : તલાટીયા**

ચલાલા, તા.૨૬

સમગ્ર ગુજરાતમાં હાલ છેલ્લા ઘણાં સમયથી અવિરતપણે વરસાદ વરસતા જનજીવન અતી પ્રભાવિત બન્યું છે અને માનવ જીવન અસ્ત વ્યસ્ત થઈ ગયું છે તેટલું જ નહી ઘણાં વિસ્તારોમાં મેઘરાજાએ કોહરામ મચાવી અતી ખાના ખરાબી સર્જી છે ત્યારે ચલાલા શહેરમાં પણ આ સતત વરસતાં વરસાદને કારણે ઠેર ઠેર જળ ભરાવ અને લગભગ દરેક વિસ્તારમાં પાણીનાં ખાડા ખાબોચિયા ભરાયેલા હોય તો ઘણાં વિસ્તારોમાં કાદવ કીચડ અને ગંદકીનું સામ્રાજય ફેલાયું છે તેટલું જ નહી નગર પાલિકા દ્વારા ડીઝાસ્ટર મેનેજમેન્ટ અંતર્ગત છેલ્લા ઘણાં વર્ષોથી પ્રીમોન્સુન કામગીરી ન કરતાં ચોમાસું પાણીનાં વહન કરતા વોકળાઓની સાફસફાઈ કરેલ ન હોવાથી થોડો અતી ભારે વરસાદ થતાં ચલાલા શહેરમાં ઘણાં ભાગો જળમગ્ન બની જાય છે. તો ચલાલા શહેરમાં અંડર ગ્રાઉન્ડ ગટર તથા તેની કુંડીઓ પણ સાફ ન કરતા આ ગંદું અને દુર્ગંધ વાળું પાણી સતત ઉભરતાં સમગ્ર શહેરમાં ભારે ગંદવાડો ફેલાયો છે ત્યારે સમગ્ર શહેરમાં છેવાડાના વિસ્તારો સહિત સમગ્ર ચલાલા શહેરમાં મચ્છર અને મચ્છરજન્ય રોગચાળાએ ભરડો લીધો છે હાલ ઘરો ઘર મેલેરીયાડેન્ગ્યુ ચીકનગુનીયા કમળો અને ઝાડા' ઉલટીનાં કેસોનો રાફડો ફાટયો છે અને નગર પાલિકા ચલાલા ને નામદાર સરકારશ્રીની તરફથી ડીઝાસ્ટર મેનેજમેન્ટ અંતર્ગત અંદાજે વીસ લાખ રૂપિયા જેવી માતબર રકમની ગ્રાન્ટ ફાળવવામાં આવતી હોવા છતાં પણ ચલાલા નગર પાલિકાએ છેલ્લાં ઘણાં વર્ષોથી આજ દિવસ સુધી જંતુનાશક દવા બ્લીચીંગ પાવડર ખરીદી કરેલ ન હોય અને મચ્છર મારવાનું અધ્યતન ફોગીંગ મશીન સહીત નગરપાલિકા હસ્તકનાં ફાયર ફાયટર અંડર ગ્રાઉન્ડ ગટર તથા કુંડીઓ સાફ કરવાનું વેકયુમ તથા સેફટી ટેન્ક સાફ કરવાંનું વેકયુમ તથા ડોર ટુ ડોર કચરો તથા શહેરમાથી કચરો ઉપાડવા માટે નાં છોટાહાથી ટ્રેકટરો સહીતનાં લગભગ ઘણા ખરા વાહનો પણ છેલ્લા ઘણાં સમયથી સમાન્ય ફોલ્ટ હોય જે રીપેરીંગના અભાવે બંધ હાલતમાં છે.

ત્યારે હાલ આવી ભયંકર વરસાદની અતી કટોકટીની પરિસ્થિતિ અને મચ્છર અને મચ્છરજન્ય રોગચાળાએ માથું ઊંચકયું ત્યારે હાલ નગર પાલિકા ચલાલા જનતા માટે શોભાના ગાંઠીયા સમાન પુરવાર થાય છે ત્યારે ચોમાસાની વિકટ પરિસ્થિતિને પહોંચી વળવા નામદાર સરકારશ્રી તરફથી ફાળવવામાં આવતી લાખો રૂપિયાની ગ્રાન્ટનો પુરાં સંકલનથી જો સદ ઉપયોગ કરી જંતુનાશક દવા બ્લીચીંગ પાવડર અને ફોગીંગ મશીન રીપેરીંગ તુટેલા રોડ રસ્તા રીપેરીંગ તથા વાહનો રીપેરીંગની યોગ્ય કાર્યવાહી કરી હોત તો આજે ચલાલાની જનતાને આવી ગંભીર પરિસ્થિતિમાં નગર પાલિકા આશિર્વાદ રૂપ સાબિત થાય પરંતુ હાલમાં ચલાલા નગર પાલિકામાં વહીવટી શાસન હોય તેમાંય પાછું દુષ્કાળમાં અધીક માસ હોય તેમ હાલ ચલાલા નગર પાલિકામાં કાયમી ચીફ ઓફિસર ન હોવાથી હાલ બગસરા ચીફ ઓફિસર ચાર્જમાં હોવાથી તે પોતાની મન્સુફી મુજબ આવતા હોય ત્યારે આટલી વિકટ પરિસ્થિતિ અને મચ્છર મચ્છરજન્ય રોગચાળાએ માજા મુકી છે ઘરો બીમારીનાં ખાટલાઓ છે લોકો પારાવાર પરેશાનીનો સમાનો કરી રહ્યા છે ત્યારે જો નગર પાલિકા દ્વારા શહેરમાં જંતુનાશક દવાનો છંટકાવ કલોરિન ટેબલેટનું વિતરણ અને શહેરનાં દરેક વિસ્તારમાં ફોગીંગ ફેરવવા તથા સહીત ખાડા ખાબોચિયામાં રેતી ટાંચ પુરાણ તથા અંડર ગ્રાઉન્ડ ગટરની કુંડીઓની સાફસફાઈ કરવાંમાં નહી આવે તો શહેરમાં મચ્છર અને મચ્છરજન્ય રોગચાળાની પરિસ્થિતિ વધું વકરશે તેવી અખબારી યાદીમાં અશોકસિંહ તલાટીયા જણાવે છે.

# હિંડોરણામાં જાહેરમાં જુગાર રમતાં ૮ પત્તાપ્રેમીઓ ઝડપાયા



અમરેલી, તા. ૨૬

રાજુલા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ. સી. એસ. કુગસિયાની સુચના અને માર્ગદર્શન નીચે રાજુલા પોલીસ દ્વારા રાજુલાના હિંડોરણા ગામે ગૌશાળા વાળી શેરીમાં જાહેરમાં લાઈટના અંજવાળે હારજીતનો જુગાર રમતા કિશનભાઈ મધુભાઈ ચીખલીયા રહે.હિંડોરણા વાળા સહિત આઠ પત્તાપ્રેમીઓને રોકડા રૂા.૧૭,૪૦૦નાં મુદ્દામાલ સાથે પકડી પાડી તેઓનાં વિરૂધ્ધમાં રાજુલા પોલીસ સ્ટેશનમાં જુગાર ધારાની કલમ હેઠળ ગુન્હો દાખલ કરી ધોરણસરની કાર્યવાહી કરેલ છે.

### સ્વયંમ સૈનિક દળ દ્વારા ધરણાં પ્રદર્શન યોજીને

# અમરેલી ખાતે એસ.સી., એસ.ટી. સમાજ ઉપર થતાં અત્યાચારોનાં વિરોધમાં આવેદનપત્ર પાઠવાયું

**અત્યાચારોની ન્યાયીક તપાસની માંગ કરવામાં આવી**

અમરેલી, તા. ૨૬

અમરેલી ખાતે આજે એસ.સી. અને એસ.ટી. સમાજ ઉપર થઈ રહેલાં અત્યાચારોનાં વિરોધમાં પ્રદર્શન અને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું.

દેશભરમાં એસ.સી., એસ.ટી., ઓ.બી.સી. અને માઈનોરીટી સમાજ ઉપર જાતીવાદી માનસીક બિમાર લોકોનાં કારણે અવાર નવાર અત્યાચારો થતાં રહે છે. એકપણ દિવસ એવો નથી જતો કે જે દિવસે અત્યાચાર ના થયો હોય આવા અત્યાચારોની વિરુધ્ધમાં સ્વયંમ સૈનિક દળ અમરેલી દ્વારા અમરેલી કલેકટર કચેરી સામે રાજમહેલ કેમ્પસ ખાતે ધરણાં પ્રદર્શન કરવાનું આયોજન કરવામાં આવેલ. જેમાં સ્વયંમ સૈનિક દળનાં સૈનિકો એકઠાં થઈ શાંતિપૂર્વક



રીતે શિસ્તબધ્ધ સંવિધાનનાં દાયરામાં રહી કલેકટર કચેરીની સામે ધરણાં પ્રદર્શન કરી કલેકટર અમરેલીને આવેદનપત્ર પાઠવી અત્યાચારોની ન્યાયીક તપાસની માંગણી કરવામાં આવી.

### સર્વોદય સરસ્વતી મંદિર–બાબાપુર સંચાલિત

# ખાંભાનાં તાતણીયાની જનતા વિદ્યાલયમાં ઉત્સાહભેર ચંદ્ર દિવસની ઉજવણી કરાઈ

**ચંદ્રયાન–૩નું લોન્ચિંગનું લાઈવ પ્રસારણ થયું**

અમરેલી, તા. ૨૬

ખાંભા તાલુકામાં સર્વોદય સરસ્વતી મંદિર, બાબાપુર સંચાલિત શ્રી જનતા વિદ્યાલય, તાતણિયામાં સંસ્થાનાં ૭૫ વર્ષ પૂર્ણ થયા હોઈ ઉજવાઈ રહેલ અમૃત મહોત્સવના અનુસંધાને શાળાના 'પૂજય બા દાદા એન.એસ.એસ. યુનિટ' અને કરૂણા કલબ દ્વારા ચંદ્ર દિવસની ઉજવણી કરવામાં આવી. આ અનુસંધાને સમગ્ર શાળા સ્ટાફ દ્વારા બાળકોને સ્માર્ટ બોર્ડ ઉપર પ્રોજેકટર દ્વારા ચંદ્રયાન ત્રણનું લોન્ચિંગ લાઈવ બતાવવામાં આવેલ. આ ઉપરાંત લોક વિજ્ઞાન કેન્દ્ર અને ઈસરો દ્વારા રાખવામાં આવેલી બે સ્પર્ધા (૧) ચાલો ચંદ્ર પર જઈએ : પ્રેરણા અને તકો, નિબંધ સ્પર્ધામાં આ શાળાના ચાર વિદ્યાર્થીઓએ ભાગ લીધેલ. (૨) મારી કલ્પનાનો ચંદ્ર ચિત્ર સ્પર્ધામાં પણ આ શાળાના કુલ આઠ વિદ્યાર્થીઓ દ્વારા ભાગ લેવામાં આવેલ. આ ઉપરાંત પ્રાર્થના સભામાં આ શાળાના શિક્ષક મનીષભાઈ અનંતરાય પરીખ દ્વારા તેમજ રશ્મિબેન ભરતભાઈ પંડિત દ્વારા બાળકોને ચંદ્ર અને ચંદ્રયાન વિશે વિશેષ માહિતી આપવામાં આવેલ.



ચંદ્રયાન લોન્ચિંગ વખતની ક્ષણો યાદગાર બની ગયેલ. તમામ બાળકો તાળીઓના સાથે આ ઘટનાને વધાવી લીધેલ. આ માટે તમામ ટેકનિકલ વ્યવસ્થા આ શાળાના શિક્ષક દવે વિશાલભાઈ ધર્મેન્દ્રભાઈ દ્વારા કરવામાં આવેલ. ઉજવણીમાં તમામ બાળકોએ રસપૂર્વક ભાગ લીધેલ અને તેમને ખૂબ મજા પડેલ. આ દિવસની સુંદર ઉજવણી માટે શાળાને ગ્રામજનો અને ટ્રસ્ટ પરિવાર તરફથી ખૂબ જ અભિનંદન સાંપડેલ.

# બગસરાનાં પોલીસ સ્ટેશન ખાતે શાંતિ સમિતિની બેઠક યોજાઈ


તસ્વીર : સમીર વિરાણી–બગસરા

બગસરા, તા. ૨૬

બગસરા પોલીસ સ્ટેશનમાં મોહરમ પર્વ નિમિત્તે પીઆઈ ગીડાનાં અધ્યક્ષ સ્થાને કાયદો વ્યવસ્થાના ભાગરૂપે શાંતિ સમિતિની બેઠક મળી હતી. જેમાં બગસરા પોલીસ સ્ટેશનનાં પી.એસ.આઈ અસલાણીની ઉપસ્થિતિમાં બગસરાના મુસ્લિમ સમાજના આગેવાનો તથા હિન્દુ સમાજનાં આગેવાનો કાર્યકર્તાઓ તથા રાજકીય કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા. જેમાં રશ્મિનભાઈ ડોડીયા, ધીરૂભાઈ કોટડીયા, મનોજભાઈ મહિડા, અશોકભાઈ પંડયા, મહેશભાઈ વ્યાસ, રમેશભાઈ સુવાગીયા, મહેશભાઈ પરમાર, ભરતભાઈ ભાલાળા, નાગભાઈ ધાધલ, રજાકભાઈ કાળવાતર, હનીફ ભાઈ ભટ્ટી, ફિરોજભાઈ હનીફભાઈ બિલખીયા સહિતના વગેરે આગેવાનો કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.

### ધારાસભ્ય મહેમ કસવાલાએ તુટી ગયેલ પુલની લીધી મુલાકાત

# લીલીયા મોટા : સાંજણટીંબા અને અંટાળીયા વચ્ચે ગાંગડિયો નદી પરનાં પુલની મુલાકાત લેવામાં આવી

**જવાબદાર અધિકારીઓને યોગ્ય કરવા સુચના આપી**

લીલીયા મોટા, તા.૨૬

લીલીયા મોટા તેમજ ગ્રામ્ય વિસ્તારોમાં અતિ ભારે વરસાદના કારણે સાજણટીંબા અને અંટાળીયા વચ્ચે આવેલ ગાગડીયો નદી પર નો બ્રિજ તૂટી ગયેલ હોય જેમની અધિકારીઓ સાથે સ્થળ મુલાકાત ધારાસભ્ય મહેશભાઈ કસવાલા દ્વારા કરવામાં આવેલ આ તકે ઉપસ્થિત નાયબ મામલતદાર એ.ટી.ડી.ઓ. કિશોરભાઈ આચાર્ય આર.એમ.બી.ના અધિકારીઓને જરૂરી સૂચના આપી તાત્કાલિક બ્રિજ ચાલવા લાયક કરવા તાકીદ કરાઈ ત્યારબાદ હાથીગઢ ગામે રોડના વળાંકમાં રેલિંગ ફીટ કરેલ હોય જયાં સ્થળ મુલાકાત કરી સાથે ગુંદરણ ગામે થોડા દિવસો પહેલા પાણીના કોઝવે પર સર્જાયેલ અકસ્માત વાળી જગ્યાએ જઈ ને આવનારા સમયમાં આવી ઘટના ન બને તે માટે પુલ બનાવવાની સૂચના આપવામાં આવી સાથે સાથે લીલીયાના ગૌરવ સમી પ્રગતિ ક્રેડિટ કો.ઓ.સોસાયટી ની મુલાકાત કરવામાં આવેલ આ તકે લીલીયા પી.એસ.આઈ. એસ.આર. ગોહિલ લીલીયા ભાજપ પ્રમુખ



ભનુભાઈ ડાભી મહામંત્રી ગૌતમભાઈ વિંછીયા, કેતનભાઈ કાબરીયા પાંચતલાવડા, જીગ્નેશ સાવજ ઈફકોના ડિરેકટર ભાવેશભાઈ રાદડીયા ભીખાભાઈ ધોરાજીયા યુવા ભાજપ પ્રમુખ આનંદ ધાનાણી રશિભાઈ ડેર બાલા ભાઈ ભરવાડ તુષારભાઈ ધોરાજીયા આર.બી. ભાલાળા ભૂપતભાઈ ધામત તાલુકા પંચાયત સદસ્યો ઘનશ્યામ મેઘાણી કેપ્ટન ધામત કાનજીભાઈ નાકરાણી સહિતના કાર્યકરો આગેવાનો ઉપસ્થિત રહેલ તેમ ઈમરાન પઠાણની યાદીમાં જણાવેલ છે.

### અમેરિકા ખાતે ડો.જગદિશ ત્રિવેદીનાં કાર્યક્રમ થકી

# ટીંબીની નિર્દોષાનંદજી હોસ્પિટલ માટે રૂપિયા ૧૦ લાખનું અનુદાન એકત્ર થયું

**બાલ્ટીમોર ટીમનો ડો.એન.કે.રાજપરાએ આભાર માન્યો**

અમરેલી, તા.૨૬

સ્વામી શ્રી નિર્દોષાનંદજી માનવસેવા હોસ્પિટલ, ટીંબી (જી.ભાવનગર) માં ચાલતા નિઃશૂલ્ક આરોગ્યલક્ષી સેવાકાર્યનાં લાભાર્થે અમેરિકાનાં બાલ્ટીમોરમાં ગુજરાતી સમાજનાં પ્રમુખ રાજ પટેલ, ખજાનચી જયેશ જાની તથા તેમની આખી ટીમની જહેમતથી હાસ્યકારથી ડો.જગદિશ ત્રિવેદી આયોજીત બન્ને કાર્યક્રમ સફળ રહયાં હતા. જેમાં કુલ ડોલર ૧૨,૦૦૦ અંદાજીત રૂા.૧૦ લાખનું અનુદાન



મળેલ છે.

આ કાર્યક્રમનું સફળ આયોજન કરવા બદલ અમેરિકા સ્થિત હોસ્પિટલનાં ટ્રસ્ટી ડો.નટુભાઈ કે.રાજપરાએ ગુજરાતી સમાજ બાલ્ટીમોર (અમેરિકા)ની આખી ટીમનો હૃદયપૂર્વકનો આભાર વ્યકત કરેલ છે.

### સમસ્ત પ્રજાપતિ સમાજ દ્વારા

# સતાધાર ખાતે રવિવારે ધ્વજારોહણ મહોત્સવ યોજાશે

**પૂજન–અર્ચનમાં ૫ હજાર દંપતિઓ જોડાશે**

અમરેલી, તા. ૨૬, સમસ્ત પ્રજાપતિ સમાજનાં ઉપક્રમે આસ્થાનાં સ્તંભસમા આપાગીગાની જગ્યા સતાધાર ખાતે આગામી તા.૩૦ ને રવિવારનાં રોજ ધ્વજાજી મનોરથનું આયોજન થયેલ છે. પ્રજાપતિ સમાજનાં ધ્વજાજી મહોત્સવનો પ્રારંભ તા. ૩૦ મીનાં સવારે ૭ કલાકે શાસ્ત્રોકત વિધિ વિધાન સાથે ધ્વજાજીનાં પૂજન– અર્ચનથી થશે. ૮ કલાકે સંતો– મહંતો આશિર્વચન પાઠવશે. ૮:૩૦ કલાકે ધ્વજાજીની વાજતે ગાજતે શોભાયાત્રા પ્રારંભ થશે. ૧૧:૩૦ કલાકે ધ્વજાજી શોભાયાત્રા આપાગીગા મંદિર પરિસરમાં પહોંચશે. ૧૧:૪૫ કલાકે ૫.પૂ. મહંતશ્રી વિજયબાપુનાં વરદ્ હસ્તે બાવનગજની ધ્વજા ચડાવાશે. બપોરે ૧૨ કલાકે પ્રજાપતિ ભાવિકો પ્રસાદ ભોજનનો લાભ લેશે. પ્રજાપતિ સમાજની ધ્વજાજીનાં પૂજન અર્ચનનો ૫ હજાર દંપતિઓ લાભ લેશે.

તેમજ ધ્વજારોહણ મહોત્સવમાં સૌરાષ્ટ્ર ભરમાંથી ૩૫ હજારથી વધુ પ્રજાપતિ ભાવિકો ઉપસ્થિત રહેશે. ધ્વજારોહણ મહોત્સવ પ્રસંગે પીપળીધામનાં મહંત ૫.પૂ. વાસુદેવ મહારાજ, નકલંકધામ – હળવદનાં મહંતશ્રી ૫.પૂ. દલસુખરામબાપુ, થોળ – કડીનાં મહંત સાંઈચરણબાપુ, અલખ આશ્રમ સતાધારનાં મહંત ૫.પૂ. મનસાગીરી બાપુ સહિતનાં સંતો –મહંતો ખાસ ઉપસ્થિત રહેશે અને પ્રજાપતિ સમાજને આશિર્વચન પાઠવશે.

# સૌરાષ્ટ્ર નાગરિક સહકારી મંડળીની ભલગામ શાખાનો દબદબાભેર પ્રારંભ



તેર વરસ પહેલા બગસરા નગરમાં શરૂ થયેલી શ્રી સૌરાષ્ટ્ર નાગરિક શરાફી સહકારી મંડળી લી. બગસરા આજે સહકારી પ્રવૃતિમાં ગુજરાતભરમાં શ્રેષ્ઠ મંડળીની શાખ ધરાવે છે. બગસરા, અમરેલી, ભેસાણ, વિસાવદર, ચુડા, કુંકાવાવ, ધારી અને ભલગામમાં નવી અત્યાધુનિક શાખાનું નિર્માણ કરવામાં આવ્યું. જે બિલ્ડિંગનું નામ સહકારી આગેવાન એલ.ટી. રાજાણીને સમર્પિત કરવામાં આવ્યું. આ નવનિર્મિત બિલ્ડિંગનું લોકાર્પણ દેશના સહકારી આગેવાન અને ઈફકોના ચેરમેન દિલીપભાઈ સંઘાણીના વરદહસ્તે કરવામાં આવ્યું. ગ્રામ્ય વિસ્તારમાં આ પ્રકારની શાખા ઉદાહરણરૂપ છે.નામાકીય સવલતોની સાથે ઈન્ટરનેશનલ સેફટી ધરાવતા લોકર રૂમની સુવિધા પણ ઉપલબ્ધ છે. જે ગ્રામ્ય વિસ્તારના સભાસદો માટે આ સુવિધા આશીર્વાદરૂપી બની છે. ગ્રામ્ય વિસ્તારના સભાસદોને ધ્યાનમાં રાખીને વેપાર ધંધા માટે શુભતિલક યોજના, મહિલાઓને ઘરકામ કે અન્ય કામ માટે નારી ગૌરવ યોજના, ખેડૂતો માટે સમર્થ કિસાન યોજના જેવી વિવિધ ધિરાણ યોજનાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી છે. મંડળીના ચેરમેન અનિલ વેકરિયાએ જણાવ્યું હતું કે, સહકારી પ્રવૃતિ દ્વારા ગ્રામ્ય વિસ્તારોમાં વધુમાં વધુ નાણાકીય સુવિધાઓની સાથે વિવિધ સેવાકીય પ્રવૃતિઓ કરી શકીએ એ જ અમારી મંડળીનો ઉદેશ્ય છે. મંડળીની શાખાના શુભારંભે દેશના અને રાજયના સહકારી આગેવાનોની ઉપસ્થિતિ અમારા સૌ માટે પ્રેરણાદાયી રહી છે. આગામી સમયમાં અમારાથી બનતા તમામ પ્રયાસો કરીશું કે આ વિસ્તારના સભાસદોને વધુમાં વધુ સુવિધાઓ ઘરબેઠા મળી રહે. આ કાર્યક્રમમાં અમરે ડેરીના ચેરમેન અનિભાઈ સાવલિયા, વિસાવદરના પુર્વ ધારાસભ્ય હર્ષદભાઈ રીબડિયા, એનસીયુઆઈ ડિરેકટર ભાવનાબેન ગોંડલિયા, રાજાણી પરિવારના મોભી વિનુભાઈ અને કાળુભાઈ, અમરેલી જિલ્લા ખરીદ વેચાણ સંઘ પ્રમુખ જેન્તીભાઈ પાનસુરિયા, સરપંચ જયાત્સનાબેન ગોધાણી, અમરેલી જિલ્લા ખેતી બેંક પ્રમુખ ધીરૂભાઈ વાળા, વિસાવદર તાલુકા ભાજપ પ્રમુખ હરિભાઈ રીબડિયા, વિસાવદર તાલુકા પંચાયત પ્રમુખ નીતિનભાઈ કપૂરિયા, વિસાવદર નગરપાલિકા પ્રમુખ કૌશિકભાઈ વાઘેલા, અમરેલી તા. પંચાયત ઉપપ્રમુખ વનરાજભાઈ કોઠીવાળ, વિસાવદર માર્કેટિંગ યાર્ડ વાઈસ ચેરમેન કમલેશભાઈ રીબડિયા, અમરેલી જિલ્લા મપ્રયસ્થ બેંક ડિરેકટર પિયુષભાઈ શુકલ, અમર ડેરી ડિરેકટર ભાવનાબેન સતાસિયા સહિતના આગેવાનો હાજર રહ્યાં હતાં. નવનૂતન બિલ્ડિંગના લોકાર્પણની વિગતો આપતા અખબારી યાદીમાં મંડળીના મંત્રી દિપકભાઈ આંબલિયા, એમ.ડી. જયસુખભાઈ ગોંડલિયાએ જણાવ્યું હતું. ઉલ્લેખનીય છે કે સમગ્ર કાર્યક્રમનું સંચાલન દિવ્યેશ વેકરિયા દ્વારા કરવામાં આવ્યું હતું.

## પાના ૧ ઉપરનું ચાલું જાફરાબાદના માચ્છીમાર સમાજને

આવે ત્યારે તેમને ખલાસી ભાઈઓ દ્વારા રિક્ષાઓ કે મીની ટ્રેકટરો અથવા માથે ઉપાડી અને તેમને સુકવવાની જગ્યા ઉપર લઈ જવામાં આવે છે, તેમાં બૈરાઓ (મહિલાઓ) દ્વારા શોર્ટિંગ કરી બોમ્બેડક (બુમ્બલા)માંથી ને અન્ય મચ્છી અલગ કરી તેમને સામસામે હુક આકારે એકબીજાને જોઈન્ટ કરી અને આઠથી દસ ફૂટના ગાળામાં ઊભા કરેલા મોટા લાકડાઓમાં બાંધેલ દોરી ઉપર સુકવવામાં આવે છે. જેમાં ઘણો સમય લાગે છે અને આ બૈરાઓને તેમનું મહેનતાણું પણ આપવામાં આવે છે. ત્યારબાદ કુદરતના ભરોસે ખેડૂત ભાઈઓ જેમ વાવેતર છોડી દેઈ છે તેમ તે બુમલાને છોડી દેવાના જો વાતાવરણ સારૂં હોય તો માલ સારો સુધરે તો માર્કેટમાં તેમની કિંમત આવે અને ભેજવાળું વાતાવરણ હોય તો માલ ખરાબ બને અને ભાવ ઓછા આવે જે માલિકોને આર્થિક નુકસાન. પરંતુ જો વરસાદ પડે તો તમામ સૂકવેલી મચ્છી ખરાબ થઈ જાય અને ફરી ફેંકવા માટેની પણ મજૂરી ચૂકવવી પડે છે આવી પરિસ્થિતિમાં સરકાર દ્વારા કોઈ મદદ કે સહાય કરવામાં આવતી નથી અને આવે છે તો યોગ્ય માર્ગદર્શન મળતું નથી. જેથી જાફરાબાદ બંદરની પરિસ્થિતિ દિવસે દિવસે ખરાબ થતી જાય છે આ બોમ્બેડક (બુમ્બલા) સુકાઈ ગયા બાદ લાંબા સમય સુધી સ્ટોક કરી શકાય છે અને ૫૦ કે ૧૦૦ ગ્રામથી પણ લોકો આ ખરીદ કરી અને પોતાનું ગુજરાન ચલાવી શકે છે. જે જાફરાબાદ બંદરનું સૌથી મોટું યોગદાન જ કહી શકાય.

આ બંદર ઉપર વધુમાં જાફરાબાદ ખારવા સમાજ માછીમારી ધંધામાં સંકળાયેલ છે, જે વધુ બોટો ધરાવે છે સાથે કોળી સમાજ, મુસ્લિમ સમાજ પણ સહભાગી છે. દુ:ખદ કહેવામાં આવે તો જાફરાબાદ બંદરના માછીમાર સમાજના મુખે ચર્ચાતી હોય તો એ છે કે પહેલા ભાદરવા મહિનામાં દરિયાઈ સીઝન ચાલુ થતી અને વૈશાખ મહિનાના અંત સુધીમાં દરિયાઈ સીઝન પૂરી ગણવામાં આવતી જેમાં એક માસ મહા મહિનો દરિયાઈ સીઝન બંધ રાખવામાં આવતી જે હાલના સમયમાં પણ આ બંદર ઉપર બંધ રાખવામાં આવે છે. જેથી દરિયો ખેડવાનો સમય આઠ માસનો રહેતો પરંતુ હાલ થોડાક વર્ષોથી સરકાર દ્વારા દરિયો ખેડવાની મંજૂરી અંગ્રેજી મહિના પ્રમાણે આપવામાં આવે છે જેમાં ૧૫મી ઓગસ્ટ બાદ જ મંજૂરી આપવામાં આવતી અને આ સમય દરમિયાન પવિત્ર શ્રાવણ માસ ચાલુ હોય એટલે બને ત્યાં સુધી જાફરાબાદના માછીમારો જન્માષ્ટમી કરી કે દરિયા પૂજન કરી માછીમારી કરવા નીકળતા જે એક વર્ષોથી ચાલતી ધાર્મિક પરંપરા છે. જે દરિયા દેવને શાંત અને માછીમારો ધંધામાં સમૃધ્ધિ મળી રહે અને રાજય અને દેશ સમૃદ્ધ બને આ બોમ્બેડગ (બુમ્બલા) થી સરકારને કરોડો રૂપિયાનું વિદેશી હૂંડિયામણ પણ આ બંદર ઉપર મારવામાં આવતી બોમ્બેડગ (બુમ્બલા) દ્વારા રડી આપવામાં આવે છે. પરંતુ હવે ૨૦૨૩માં જૂન મહિનાની ૩૦ તારીખે દરિયા રોજ બંધ અને ૧ ઓગસ્ટથી દરિયો ખેડવાની મંજૂરી આપવામાં આવે છે. આવા સમયમાં સેથી વધુ ખરાબ પરિસ્થિતિ જાફરાબાદ બંદર તેમજ (બુમ્બલા) મારતા બંદરોની બને છે આવા સમયમાં ચોમાસુ પોતાની સંપૂર્ણ લઈમાં હોય છે બોટ માલિકો ગમે તે રીતે પૈસાની સગવડ કરી પોતાના પરિવારની જીવન મૂડી કે કે હાથ ઉછીના લઈ દરદાગીના પરિવારના ગીરવી મૂકી બોટ તૈયાર કરી દરિયો ખેડવા મોકલે છે અને ખલાસી ભાઈઓ તનતોડ મહેનત દરિયા સામે જજુમીને (બુમ્બલા) બંદરે લાવે છે અને પ્રેમથી બૈરાઓ તેને શોર્ટિંગ કરી ચુકવે છે અને ચોમાસાની સિઝન લઈમાં હોય અને વરસાદ પડે ત્યારે તમામ માછીમારી સાથે સંકળાયેલ વ્યકિતઓ બરબાદ થઈ જાય છે. સરકાર દ્વારા સહાય માટેનું સર્વે પણ શકય બનતું નથી કેમ કે અમુક બોટ આવે તો અમુક દરિયામાં હોય માલ કે નો કેટલો બગડયો તે પણ સચોટ સર્વે થઈ શકે તેવી પરિસ્થિતિ રહેતી નથી. આવા સમયમાં બંદરમાં રોગચાળો પણ ફાટી નીકળે છે અને જેમાં પુરૂષો, સ્ત્રીઓને બાળકો પણ ઝપેટમાં આવી જાય છે આવા સમયમાં માછીમાર તમામ જગ્યાએથી ઘેરાઈ જાય છે. જેમની અસર પરિવાર અને બાળકોના શિક્ષણ ઉપર ગામ અને સંપૂર્ણ સમાજ ઉપર પણ પડે છે. સરકાર શકય હોય તો આ દિવસોમાં લેવામાં આવેલ ડીઝલને જ ૧૦૦% સબસીડી થી માફ કરવાની જાહેરાત જ કરવી જોઈએ જેથી બોટ માલિકોને ખરાબ થયેલ માલ સામે થોડીક તો રાહત થઈ શકે અથવા અન્ય કોઈ યોજના લાગુ કરવી જોઈએ.

જાફરાબાદ બંદર ઉપર ખારવા સમાજ વર્ષોથી માછીમારી કરે છે દેશ રાજય અને જિલ્લા અને તાલુકાના નાગરિક છે તમામ ભારતીય નાગરિક તરીકેનો હક ભોગવે છે તો ભારતીય નાગરિક તરીકેની ફરજો પણ સંપૂર્ણપણે નિભાવે છે. ઈરની દેણથી આ સમાજ માછીમારી સાથે સંકળાયેલો છે પહેલા કરતાં ભણતરનું સ્તર પણ સુધર્યુ છે. તો આ પરિવારના સભ્યોને તેમના માતા–પિતા, ભાઈ કે પુત્ર સાથે ચોમાસાના ચાર મહિના રહેવાનો અધિકાર ભારતીય બંધારણ નથી આપતું ? આપે છે તમામનો હકક છે તો પછી દર વર્ષે દરિયાઈ સીઝનમાં દિવસો વધારતા અને ચોમાસાના વેકેશનના દિવસો કેમ ઘટાડવામાં આવતા જાય છે. તે માછીમારો સમાજ સમજી શકતો નથી, માત્ર સીઝન બે જ માસ બંધ રહે છે તેમાં બંધ થતાં ૧૦ દિવસ જેટલો સમય બોટ મેન્ટન્સના કામમાં અને ૧૦ દિવસ નવી સીઝન ચાલુ થવા પહેલા કામમાં તો માત્ર એક જ માસ પરિવાર સાથે રહે છે અને તેમાં સૌથી મોટા દરિયા પટ્ટીના સમૂહલગ્નનું આયોજન ખારવા સમાજના પટેલ દ્વારા આયોજન કરવામાં આવે છે, જે આ વર્ષ પણ ૨૫માં સમૂહ લગ્નનું આયોજન ભવ્ય કરવામાં આવ્યું જે માત્ર પૂર્ણ થતાની સાથે નવી સીઝનનું કામ ચાલુ થઈ ગયું તો શું દરિયાથી સંકળાયેલ માછીમારોને જિંદગી માત્ર દરિયા દેવના ખોળામાં જ પૂર્ણ કરવાની ? આ એક વેધકપ્રશ્ન છે. ચોમાસામાં વરસાદ ચાલુ હોય કોઈ પરિવાર માટે લેવું, મૂકવું, લેવું દેવું કરવું કે દીકરા દીકરીઓના ભણવા બાબતની ચિંતા કે તેમના લગ્ન અંગેના ભવિષ્યના આયોજન કરવાનો સમય શું મળવા પાત્ર થતો નથી ? લોકો દ્વારા એવી પણ ચર્ચા કરવામાં આવે છે કે પહેલાની સરકારમાં રોક ટોક થતી નહીં અને માછીમાર સંપૂર્ણ ચાર માસનું ચોમાસાનું સંપૂર્ણ પૂર્ણ કરી દરિયો ખુશીથી ખેડવા જતા પણ હવે તો ઘરે રહેવાનો સમય જ મળતો નથી છેલ્લા બે ત્રણ વર્ષથી ૧૫ મી ઓગસ્ટ બાદ દરિયા માટે પરમિશન આપવામાં આવતી જે પણ ઘટાડીને ૧ ઓગષ્ટ કરી નાખી છે જે વધારવાના બદલે ઘટાડી દેવામાં આવી છે.

સરકાર જાફરાબાદ માછીમારી ખલાસીઓ અને બોટ માલિકોને પરિસ્થિતિ સમજે ચાલુ ચોમાસામાં બોમ્બેડક (બુમ્બલા) માચ્છી મારી કરવાથી બોટ માલિકોને માલ ખરાબ મોટા પાયે થાય છે જેથી તેમની આર્થિક પરિસ્થિતિ દિવસે દિવસે ખરાબ થતી જાય છે. માછલીઓ આજ સીઝનમાં ઈંડા મુકી અન્ય માછલીને જન્મ આપે છે એને બિયારણને દરિયામાં મોટો થવાનો સમય મળે છે ખરો ? બિયારણ જ ન રહેતો શું થશે. થોડાક વર્ષો પહેલા જે ડિઝલના ભાવ હતા તે ત્રણ ગણા કરતા ઉપર ગયા છે અને અન્ય મોંઘવારી અલગ અને ત્યારના સમય કરતાં તે મચ્છીના ભાવમાં ૧૦ થી ૨૦ રૂપિયાનો ફેરફાર છે. તેમ ખલાસી વર્ગ પણ ભારતીય નાગરિક હોવાનો અધિકાર મળી રહે, અને કોઈ ઈચ્છતુ નથી કે ચાલુ ચોમાસામાં દરિયો ના રોજ શરૂ થાય પરંતુ સરકાર દ્વારા પરિપત્રોના લીધે તમામ મજબૂર બની જાય છે અને તે સમયે ચાલુ ન કરે તો મુખ્ય મચ્છી મહારાષ્ટ્રથી બોટો આવી અને માછીમારી કરી અને બુમ્બલા મારતા બંદરને આર્થિક નુકસાન કરે છે જે રાજયોની દરિયાઈ સીમાના નિયમોનું પણ અસ્તિત્વ રહેતું નથી, જે મદાફરી જંજીરા સ્ટેટથી ધધુમતા બંદરને અને બોમ્બેડક (બુમ્બલા)ના અસ્તિત્વ જોખમ મૂકી ન દે તો સારૂં..

## પાના ૮ ઉપરનું ચાલું ખાખરીયાનાં કાળુભાર નદીનો કોઝવે

ફરજ પડી હતી. અહીં મોટી સંખ્યામાં ગામના લોકોએ કોઝવેના વહેતા પાણીમાં ઉભા રહી રામધૂન બોલાવી હતી. નદીના સામાકાંઠા વિસ્તારના લોકોને, વિદ્યાર્થીઓને ગામમાં આવવું હોય ત્યારે પણ આ ગોઠણસમાં પાણીમાંથી જોખમી રીતે પસાર થવું પડે છે. કાળુભાર નદીમાં સારૂં પુર આવે ત્યારે લોકોને અવર–જવર થઈ બંધ જાય છે. સામા કાંઠા વિસ્તારમાં મધ્યમ વર્ગના લોકો રહેતા હોય તેને રોજે રોજની ચીજ વસ્તુ લેવા આવવું પડે છે. ગામમાં તો ના છૂટકે પસાર થવું પડે છે આ ધમધમતા પાણીના પ્રવાહમાં.

ગામમાં ધોધમાર વરસાદ પડે એટલે સામા કાંઠે રહેતા વિદ્યાર્થીઓને પણ પોતાનો અભ્યાસ અધૂરો મૂકીને ઘરે ચાલતી પકડવી પડે છે. નહીતર આ નદીમાં પુર આવી જાય તો લાંબા સમય સુધી પૂર ઉતરે એની રાહ જોવી પડે છે અને થવું પડે છે હેરાન.

અનેકવાર ગામના સરપંચોએ અને લોકોએ આ કરિયાણા જતો જૂના માર્ગને ઉંચો પુલ બનાવવાની કરી છે માંગ પણ તંત્રનું નથી હલતું પેટનું પાણી.

## પાના ૧ ઉપરનું ચાલું સાવરકુંડલાની ઈંગ્લિશ મીડિયમ સ્કૂલમાં

બદલે, બાળકીને ઓફિસમાં જ બેસાડી રાખી અને વાલીને ફોન કર્યો તો, સાચી વાત છુપાવી રાખીને વાલીને એવું કહ્યું કે, તમારી બેબીની તબિયત ઠીક નથી તો શાળાએથી તેડી જાવ. હવે વાલી પોતાની દીકરીને તેડી ઘરે ગયાં ત્યા સુધી તો તેમને ખબર જ નહોતી કે પોતાની બેબીને વીજ શોક લાગ્યો છે. કારણ કે દીકરીને તો કરંટ લાગ્યો ત્યારથી આઘાતમાં હતી અને શરીરમાંથી ધ્રુજારી જતી ન હતી. થોડીવાર તેને શાંતિથી બેસાડી વાત કરી ત્યારે પરિવારને જાણ થઈ કે પોતાની દીકરી તો મોતને અડીને પરત આવી છે. તેમના પિતાએ તાત્કાલિક ડોકટર પાસે જઈ યોગ્ય સારવાર કરાવીને પછી શાળાએ બનાવ વિશે જાણકારી મેળવવા ગયાં તો સંચાલકએ બેજવાબદારીપૂર્વકનો જવાબ આપ્યો કે એટલો બધો સિરિયસ કરંટ નથી લાગ્યો. વળી આચાર્ય તો કહે કે, ભાઈ આપણી શાળામાં ફી પણ ખૂબજ ઓછી છે..!!

ફી ઓછી હોય કે વધુ.. તેને સેફટી સાથે શું સંબંધ..?!! શાળામાં વીજ અકસ્માતથી બચવા માટે જુદાં જુદાં સેફટી ફિચર્સ લગાવવા ફરજીયાત છે અને પી.જી.વી.સી.એલ.નાં ઈજનેર પાસે તમામ ઈલેકિટ્રીક વાયરીંગ ચેક કરાવી પ્રમાણપત્ર લેવું પણ ફરજીયાત છે. કુદરતની મહેરબાની કે બાળકી સાથે અઘટિત ઘટના ન ઘટી.. નાનું બાળક તો વધુ હેબતાઈ જાય તો તેનું હૃદય પણ બેસી જાય તો કોણ જવાબદાર..? શાળાનાં જવાબદાર અધિકારીઓ દ્વારા ઉડાઉ જવાબ આપવામાં આવતા. વાલી પોતાની બાળકીને લઈને રૂબરૂ ક્ષત્રિય અગ્રણી પ્રતાપભાઈ ખુમાણને હકીકત જણાવતા તેમણે તરત જ અમરેલી જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીને ટેલિફોનથી સંપર્ક કરી સમગ્ર બનાવ વર્ણવ્યો. તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી સાથે પણ આ બાબતે જાણ કરીને તુરતજ એકશન લેવાં તાકીદ કરી અને આખી શાળા બિલ્ડીંગનું વાયરીંગ પી.જી.વિ.સી.એલ. ઈજનેર દ્વારા ચેકિંગ હાથ ધરી, જરૂરી ખામીઓ દૂર કરી, જરૂરી સેફટી ફિચર્સ એમ.સી.બી., આર.સી.સી.બી. લગાવવા તાત્કાલિક સૂચના આપી હતી.

## પાના ૧ ઉપરનું ચાલું અમરેલીને બ્રોડગેજ રેલ્વેની

હવે પ્રશ્ન એ ઉદભવે છે કે, જનતા જનાર્દન તેમના રોજબરોજનાં પ્રશ્નો કે તેમની જન્મભૂમિ કે કર્મભૂમિનાં વિકાસની અપેક્ષાએ સરપંચથી લઈને સાંસદ જેવા પ્રતિનિધિઓ પસંદ કરતી હોય અને જયારે તેઓ જનતા જનાર્દનની અપેક્ષા પૂર્ણ કરવામાં નિષ્ફળ જાય અને છેલ્લે જનતાએ જ અભિયાન શરૂ કરવું પડે તો જનપ્રતિનિધિઓની પસંદગી કરવાનો કોઈ મત્તલબ જ રહેતો નથી.

## પાના ૮ ઉપરનું ચાલું વડિયામાં અચાનક બપોરનાં સમયે

વરસાદ નોંધાયો હતો. ઉપરવાસમાં તોરી, રામપુર, અરજણસુખ સહિતના ગામોમાં પણ ભારે વરસાદનાં કારણે સુરવો ડેમમાં પણ ઘોડાપૂર આવતા સુરવો ડેમ સતત છટ્ટી વખત ઓવરફલો થયો હતો અને ડેમનાં પાંચ દરવાજા ત્રણ ફૂટ ખોલાયા હતા. ત્યારે સુરવો નદી ગાંડીતુર બની બે કાંઠે વહેતી જોવા મળી હતી. ત્યારે સ્થાનિક તંત્ર એલર્ટ બની નીંચાણવાળા વિસ્તારો અને ઉપરવાસના ગામડાઓને સાવચેત કરાયા હતા. એકાએક ધોધમાર વરસાદ નોંધાતા વડિયાની શેરીઓમાં પણ નદીઓ વહેતી હોય તેવા દ્રશ્યો જોવા મળ્યાં હતા. એકાએક વરસાદ તૂટી પડતાં લોકોના જીવ પણ તાળવે ચોંટતા જોવા મળ્યાં હતાં.

## પાના ૮ ઉપરનું ચાલું સાવરકુંડલાનાં ગાધકડા રેલ્વે ટ્રેક ઉપર

નથી ત્યાં બીજો સિંહનો અકસ્માત થવાની ગંભીર દુર્ઘટના વનવિભાગની સાબદી કાર્યશૈલીને આભારી થઈ હોય તેમ કહેવું વધુ યોગ્ય છે.

સમગ્ર ઘટના અંગે વાત કરીએ તો રાત્રિના સાવરકુંડલાના ગાધકડા રેલવે ટ્રેક પર સિંહ આવી ગયો હોય અને ટ્રેકર ડાયાભાઈ અને મેરૂભાઈએ તાત્કાલિક રેલ્વે ટ્રેક આગળ ગોઠવાઈ ગયા ને વન વિભાગના અધિકારી પ્રતાપભાઈ ચાંદુ, ફોરેસ્ટર યાસીન ઝુણેઝા અને પી.સી. થડેસાને જાણ કરતા વનવિભાગનો આખો સ્ટાફ ગાધકડા રેલ્વે ટ્રેક પર પહોંચ્યો હતો ને ૧૧.૧૭ મિનિટે માલગાડી ટ્રેઈન આવતા વનવિભાગે ટ્રેઈન ઊભી રખાવી દીધી હતી ને સિંહને રેલવે ટ્રેક પરથી દૂર ખસેડીને સિંહને સતત લોકેટ રાખ્યો હતો ને માલગાડી ટ્રેઈન રવાના કરી હતી. બાદ સતત આ રેલવે ટ્રેક પર સિંહોનો કોરિડોર હોવાથી વનવિભાગ આખી રાત ખડેપગે રહ્યો હતો. ત્યારે સાવરકુંડલાના આર.એફ.ઓ. પ્રતાપભાઈ ચાંદુએ જણાવ્યું હતું કે, રેલ્વે વિભાગને માલગાડી ટ્રેનની સ્પીડ ઘટાડવાનો અનુરોધ કર્યો હતો.

અત્રે ઉલ્લેખનિય છે કે, લીલીયાની શેત્રુંજી નદી નજીકના રેલ્વે ટ્રેકથી સાવરકુંડલા, રાજુલાના પીપાવાવ પોર્ટ સુધી રેલ્વે ટ્રેક નજીક જ સિંહોનું સામ્રાજય હોય ને સિંહોની સતત અવરજવર રેલ્વે ટ્રેક ક્રોસિંગ વખતે અકસ્માતની ઘટના ઘટાડવાની તાતી જરૂરિયાત છે. પહેલા મીટર ગેજ ટ્રેઈન હતી, બાદ બ્રોડગેજ લાઈન થઈ ને હાલ ઈલેકટ્રોનિક ટ્રેઈન ચાલતી હોય ને માલગાડી ટ્રેઈનની સ્પીડ ૧૫૦ આસપાસની હોવાથી સિંહોના અકસ્માતની ઘટનાઓ ઘટવાને બદલે વધવાની સંભાવનાઓ હોય. ત્યારે રાત્રિના માલગાડીની અવરજવર બંધ થાય અથવા ૪૦ની સ્પીડ રાખવામાં આવે તો જ ગીરની શાન સમા સિંહો બચી શકશે.

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૮૮૦ | ૧૬૨૨ |
| ૨ | શિંગ મોટી | ૧૧૧૦ | ૧૮૨૩ |
| ૩ | શીંગદાણા | ૧૬૦૦ | ૨૪૦૦ |
| ૪ | શીંગદાણા (ફાડા) | ૧૩૦૦ | ૨૦૫૦ |
| ૫ | તલ સફેદ | ૧૫૦૦ | ૩૬૩૨ |
| ૬ | તલ કાળા | ૧૮૦૦ | ૩૩૩૧ |
| ૭ | બાજરો | ૪૨૩ | ૪૪૪ |
| ૮ | જુવાર | ૮૫૦ | ૮૯૦ |
| ૯ | ઘઉં ટુકડા | ૪૬૦ | ૫૧૭ |
| ૧૦ | ઘઉં લોકવન | ૪૪૦ | ૫૨૪ |
| ૧૧ | મગ | ૧૫૦૦ | ૧૬૫૧ |
| ૧૨ | ચણા | ૬૫૦ | ૯૯૩ |
| ૧૩ | ચણા દેશી | ૯૪૦ | ૯૪૦ |
| ૧૪ | તુવેર | ૧૩૫૦ | ૧૭૬૫ |
| ૧૫ | કપાસ | ૯૨૦ | ૧૪૫૯ |
| ૧૬ | એરંડા | ૭૭૫ | ૧૧૯૮ |
| ૧૭ | ધાણા | ૭૦૦ | ૧૭૦૦ |
| ૧૮ | ધાણી | ૧૫૬૧ | ૧૫૬૧ |
| ૧૯ | સોયાબીન | ૬૦૦ | ૯૫૩ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૦૦૦ | ૧૪૦૦ |
| ૨ | ચણા | ૫૩૫ | ૯૮૨ |
| ૩ | ઘઉં લોકવન | ૪૪૦ | ૫૦૭ |
| ૪ | સોયા | ૮૩૨ | ૯૪૬ |
| ૫ | રાયડો | ૯૩૦ | ૯૩૦ |
| ૬ | શીંગદાણા | ૨૨૩૦ | ૨૨૩૦ |
| ૭ | ધાણા | ૧૧૨૬ | ૧૪૦૫ |
| ૮ | મગફળી | ૧૪૬૫ | ૧૪૬૫ |
| ૯ | તલ સફેદ | ૩૪૫૧ | ૩૪૫૧ |
| ૧૦ | તલ કાળા | ૩૦૦૦ | ૩૦૦૦ |
| ૧૧ | જુવાર | ૫૨૫ | ૯૦૦ |
| ૧૨ | તુવેર | ૧૨૦૦ | ૧૨૦૦ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૧૪૦૦ | ૧૫૦૦ |
| ૨ | શીંગ મોટી | ૧૪૦૦ | ૧૬૧૧ |
| ૩ | શીંગદાણા | ૧૯૦૦ | ૨૦૫૧ |
| ૪ | તલ સફેદ | ૩૨૦૦ | ૩૭૧૦ |
| ૫ | તલ કાળા | ૨૮૦૦ | ૩૨૮૦ |
| ૬ | જીરુ | – | ૧૧૦૧૦ |
| ૭ | કપાસ | ૧૦૦૦ | ૧૪૫૧ |
| ૮ | ઘઉં લોકવન | ૪૪૫ | ૫૦૦ |
| ૯ | ઘઉં ટુકડા | ૪૫૫ | ૫૩૮ |
| ૧૦ | બાજરો | ૪૦૦ | ૪૪૮ |
| ૧૧ | જુવાર | ૬૦૦ | ૯૫૦ |
| ૧૨ | ચણા | ૯૦૦ | ૯૭૮ |
| ૧૩ | તુવેર | – | ૧૭૮૦ |
| ૧૪ | એરંડી | ૧૨૧૫ | ૧૨૬૭ |
| ૧૫ | સોયાબીન | ૯૦૦ | ૯૪૯ |

## જાહેર નોટિસ

**મહે.જાફરાબાદના જયુ.મેજી.ફ.ક. સાહેબની કોર્ટમાં, મું. જાફરાબાદ**

અરજદાર : દેવાતભાઈ નારણભાઈ સાંખટ
રહે. ભાકોદર, તા. જાફરાબાદ, જી. અમરેલી.

ફો.પ.અ.નં.–૧૪૩/૨૦૨૩
મુદત તા. ૨૧/૦૮/૨૦૨૩

::– **વિરૂધ્ધ** –::

સામાવાળા : જન્મ–મરણ નોંધણી અધિકારીશ્રી/ત.ક.મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત કચેરી, ભાકોદર, તા. જાફરાબાદ, જી. અમરેલી.

**અરજદારનાં વિ. વકિલશ્રી : મહેશભાઈ જે. બારૈયા**

::– **જાહેર નોટિસ** –::

આથી આ જાહેર નોટિસ આપી જણાવાવમાં આવે છે કે, ઉપરોકત અરજદારે તેમના **માતા જાનુબેન નારણભાઈ સાંખટ**નાઓનું **અવસાન તા. ૦૮/૦૮/૨૦૦૮** ના રોજ મોજે ગામ : **ભાકોદર**, તા. જાફરાબાદ મુકામે થયેલ અને તેની મરણ નોંધણી રજીસ્ટરે નોંધ કરાવવા અંગે અત્રેની અદાલતમાં જન્મ–મરણ નોંધણી અધિનીયમની કમલ–૧૧ તથા ૧૩ મુજબ હાલની અરજ કરેલ છે. જેથી અરજદારની માંગણી મુજબ તેઓના **માતાની મરણ અંગેની નોંધ** કરાવવા અંગેનો હુકમ શા માટે ન કરવો તેનું કારણ દર્શાવવા મુદત **તા. ૨૧/૦૮/૨૦૨૩** ના રોજ કલાક **૧૦:૩૦** વાગ્યે સુનાવણી રાખવામાં આવેલ છે. આથી જે કોઈ ઈસમ તથા સરકારી/અર્ધસરકારી કચેરી, પેઢી, મંડળી, વ્યકિત, સ્વાયત સંસ્થા વિગેરેને સદરહું અરજી સામે વાંધો કે તકરાર હોય તો તેઓએ સદરહું મુદત તારીખે અદાલત સમક્ષ જાતે અથવા પોતાના માહીતગાર વકીલ/મુખત્યાર મારફતે અત્રેની કોર્ટમાં હાજર રહેવું. જો તેમ કરવામાં કસુર કરશો તો કાયદા અન્વયે યોગ્ય તે હુકમ કરવામાં આવશે જેની નોંધ લેશો.

આજરોજ તા.૨૪મી, માહે જુલાઈ, સને ૨૦૨૩ના રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરી આપ્યું.

| **તૈયાર કરનાર** | | **મુકાબલ કરનાર** | **હુકમથી** |
|---|---|---|---|
| (સી.કે. ભરાડ) | સિક્કો | (આર.એચ. વાજા) | (કે.એમ. ગોસ્વામી) |
| આસીસ્ટન્ટ | | આસીસ્ટન્ટ | ઈ.ચા.રજીસ્ટ્રાર |
| | | | જાફરાબાદ |


### પ્રદેશ કોંગી પ્રમુખ શક્તિસિંહે ફી ઘટાડાની કરી માંગ

# રાજયની મેડિકલ કોલેજની ફીમાં વધારાથી ગરીબ વિદ્યાર્થીઓ ચિંતામય બન્યા

### ગરીબ વિદ્યાર્થીઓને મસમોટી ફી કેવી રીતે ભરવી તેવો પ્રશ્ન

અમદાવાદ, તા. ૨૬

સામાન્ય – મધ્યમવર્ગના વિદ્યાર્થીઓનું ડોકટર બનવાનું સપનું પૂર્ણ થાય તે માટે GMERS સોસાયટી તબીબી સ્નાતક અભ્યાસક્રમ ખઈઈજમાં વર્ષ ૨૦૨૩માં કરવામાં આવેલ જંગી ફી વધારાને પરત ખેંચવાની મુખ્યમંત્રીને પત્ર લખી માંગ કરતા રાજય સભા સાંસદ અને ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ શકિતસિંહ ગોહિલે જણાવ્યું હતું કે, ગુજરાતમાં મોટા પાયે ડોકટરો, સ્પેશ્યાલીસ્ટ ડોકટરો, પેરા મેડીકલ સ્ટાફ, નર્સીસ, સહિતના મેડીકલ ક્ષેત્રે જોડાયેલા માનવબળની મોટા પાયે ઘટ છે ત્યારે ગુજરાતના મેડીકલ અભ્યાસ કરીને ડોકટર બનવાનું સપનું જોતા વિદ્યાર્થીઓ અને તેમના વાલીઓને વર્ષ ૨૦૨૩–૨૪ માટે સરકારી કોટામાં ૬૭ ટકા અને મેનેજમેન્ટ કોટામાં ૮૮ ટકા અને NRI કોટામાં ૩૦૦૦ ડોલરના અસહ્ય ફી વધારાને કારણે ડોકટર બનવું મુશ્કેલ બનશે.



GMERS સોસાયટીની કોલેજોમાં તોતીંગ ફી નો વધારાને લીધે નીટના ઉંચા સ્કોરના આધારે જે વિદ્યાર્થી–વિદ્યાર્થિનીને GMERSની કોલેજોમાં પ્રવેશની શકયતા હતી તે તમામ વિદ્યાર્થી–વાલીઓ માટે કેવી રીતે નાણાંકીય આયોજન કરવું તે ગંભીર પ્રશ્ન બની ગયો છે.

ગુજરાતના વાલીઓ કે જેઓ પોતાના સંતાનોને મેડીકલમાં ગુજરાત ખાતે અભ્યાસ કરાવવા માંગે છે તેઓની રજુઆત કોંગ્રેસ પક્ષને મળી હતી. મેડીકલમાં જંગી ફી વધારા અંગેની વાલીઓની ચિંતા વ્યાજબી છે. ગુજરાત રાજયમાં ગુજરાત મેડીકલ એજયુકેશન રીસર્ચ સોસાયટી (GMERS) ની રચના ૧૩ વર્ષ પહેલા કરવામાં આવી હતી અને તે સમયે ' રાજય સરકારે સતત એવી જાહેરાત કરી હતી કે, ઓછી ફીમાં ડોકટરો તૈયાર કરવામાં આવશે જે ગુજરાતની આરોગ્ય સેવાને મદદરૂપ થશે પરંતુ જે રીતે રાજય સરકારે રાતોરાત GMERSની મેડીકલ કોલેજોમાં જીંકાયેલો જંગી ફી વધારો જે તે સમયની રાજય સરકારની જાહેરાતથી તદ્દન વિપરીત છે.

મેડીકલ અભ્યાસ માટેનું રજીસ્ટ્રેશન શરૂ થયાના ઘણા દિવસો બાદ ફી વધારો જાહેર કરાયો છે. એક સાથે મેડીકલની ફીમાં ૬૭ થી ૮૮ ટકા સુધીના વધારાને કારણે વાલી–વિદ્યાર્થીઓ મોટી આર્થિક ચિંતામાં મુકાઈ ગયા છે. રાજયની GMERS ની મેડીકલ કોલેજમાં કરવામાં આવેલો તોતીંગ ફી વધારો સત્વરે પાછો ખેંચવામાં આવે જેથી કરીને ગુજરાતના સામાન્ય – મધ્યમ વર્ગના તેજસ્વી વિદ્યાર્થીઓનું શિક્ષણ લોન લઈને વિદેશમાં અભ્યાસ કરવાને બદલે રાજયમાંથી તેમનું ડોકટર બનવાનું સ્વપ્ન સાકાર થઈ શકે અને રાજયમાં ડોકટરોની ઘટ કંઈક અંશે ઓછી થાય.




### વર વગરની વહુની વાર્તા – સંકીર્તન

શ્રી નારાયણે કહયું : 'હે દેવર્ષિ નારદ ! 'પુરૂષોત્તમ' એવું એક મહિનાનું નામ છે અને તે નામ પણ કારણ સહિત છે, તે મહિનાના સ્વામી કૃપા સાગર શ્રી પુરૂષોત્તમ કહેવાય છે. એ માસનું વ્રત કરવાથી શ્રી પુરૂષોત્તમ ભગવાન પ્રસન્ન થાય છે.'

નારદજીએ પૂછયું : 'ચૈત્ર વગેરે મહિનાઓ અને તે તે મહિનાના સ્વામીઓ તો મેં સાંભળ્યા છે, પરંતુ આ મહિનાનું નામ પ્રથમ વખત જ સાંભળું છું. તે મહિનામાં શું કરવું ? એ બધું કરવાથી કયા દેવ પ્રસન્ન થાય છે, એ કયુ ફળ આપે છે તે મને કહો. હે જગતના નાથ ! વિધવાપણુ તથા વાંઝિયાથાપણું આદિ ક્ષયરોગ, જે જે દોષો છે, તેઓથી પીડાતા મનુષ્યોને જોઈને મને દુઃખ થાય છે માટે તે સાંસારિક જીવોને દુઃખોથી મુકિત મળ અને તેમનું કલ્યાણ થાય તેવો સરળ ઉપાય મારા પર કૃપા કરી કહો, જેથી મારા મનને હર્ષ થાય. તમે બધું જાણનારા અને સર્વ તત્વોનું સ્થાન છો.'

સૂતપુરાણી બોલ્યા : 'હે મુનિશ્રેષ્ઠો ! બ્રહ્માના પુત્ર નારદજીનું આવું રસયુકત તથા લોકહિતના કારણરૂપ વચન સાંભળી દેવોના દેવશ્રી નારાયણ ચંદ્રમા જેવા શાંત અને મેઘના શબ્દ જેવી આનંદદાયક વાણીથી પુરૂષોત્તમ મહાત્મ્યની કથા કહેવા લાગ્યા. એજ કથા હું તમારી આગળ રજુ કરું છું.

'શ્રી બૃહન્નારદીય પુરાણ'ના પુરૂષોત્તમ મહાત્મ્યનો 'શ્રી નારદજીનો પ્રશ્ન' નામનો બીજો અધ્યાય સંપૂર્ણ. **(ક્રમશઃ)**



**સંપાદક : મહેન્દ્ર જોષી**

મો. ૯૪૨૬૪ ૫૭૩૫૬ (નિવૃત કેળવણી નિરીક્ષક)

### વરસાદી પાણીનાં નિકાલની કામગીરી દરમિયાન

# ઉનાનાં કાજરડી ગામે સામાન્ય બોલાચાલી બાદ સરપંચ પ્રતિનિધિ પર હુમલો

### ૩ ઈસમો વિરૂધ્ધ પોલીસે કાર્યવાહી હાથ ધરી

ઉના, તા.૨૬

ઉનાના કાજરડી ગામે વરસાદી પાણીના નિકાલ માટે જેસીબીની મદદથી પાઈપ ફિટિંગનું કામ કરાવતી વખતે સામાન્ય બોલાચાલી થયા બાદ ત્રણ ઈસમોએ સરપંચ પ્રતિનિધિ પર હુમલો કરતા ઉનાની ખાનગી હોસ્પિટલમાં ખસેડાતા પોલીસ ફરિયાદ નોંધાઈ હતી.


તસ્વીર : ધર્મેશ જેઠવા–ઉના.

પ્રાપ્ત વિગતો અનુસાર કાજરડી ગામે વરસાદી પાણી ભરાતું હોય જેથી સરપંચ પ્રતિનિધિએ ગઈકાલે સાંજના સમયે પાણીના નિકાલ માટે જેસીબી ની મદદથી રોડમાં ખોદકામ કરી સિમેન્ટના પાઈપ નાખી પાણીનો નિકાલ કરેલ હોય અને જે સ્થળે પાણીના નિકાલ માટે ખોદકામ થયેલ હોય તેના પરરોડ બનાવવાનો હોય ત્યારે સવારના સમયે સરપંચ પ્રતિનિધિ નાનુભાઈ ચારણીયા ખોદકામ કરેલ સ્થળ પર જોવા ગયેલ હોય ત્યારે રામ મસરી બાંભણિયા નાનુભાઈને કહેવા લાગેલ કે તું કેમ અહીંયા આવ્યો છે તેમ કહી અપશબ્દો બોલતા હોય ત્યારે નાનુંભાઈએ અપશબ્દો બોલવાની ના પાડતાં રામ મસરી એકદમ ઉશ્કેરાઈ જઈ નાનુભાઈ ચારણીયા પર હુમલો કરી બુમા બુમ કરતા ભાવેશ મસરી બાંભણીયા, બબીબેન મસરીભાઈ બાંભણીયા મળી કુલ ત્રણ ઈસમોએ હુમલો કરી ઢિકા પાટુંનો માર મારી હાથ તેમજ પગના ભાગે છરી વડે હુમલો કરતા નાનુંભાઈને લોહી લુહાણ હાલતમાં ઉનાની ખાનગી હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવતા પોલીસે ગુન્હો નોંધી કાર્યવાહી હાથ ધરી હતી.

# ઉના પોલીસ દ્વારા રોડ સેફટીને લઈ ડ્રાઈવ શરૂ

ઉના, તા. ૨૬

અમદાવાદમાં ઈસ્કોન બ્રિજ અકસ્માત બાદ રાજયભરમાં પોલીસ દ્વારા સ્પેશિયલ ડ્રાઈવની શરૂઆત કરવામાં આવી છે. ત્યારે ઉના ડી.વાય.એસ.પી. અગ્રવાલ જીતેન્દ્ર મોરારીલાલ, પોલીસ ઈન્સ્પેકટર એન.કે.ગૌસ્વામીની સૂચના મુજબ ઉનામાં સ્પેશ્યલ ડ્રાઈવ શરૂ કરવામાં આવી હતી. જેમાં ઉનાનાં ત્રિકોણ બાગ વિસ્તાર તરફથી પસાર થતા ફેન્સી નંબર પ્લેટ, ત્રિપલ સવારી, નંબર પ્લેટ વગરની બાઈક તેમજ હેલ્મેટ પહેર્યા વગર પસાર થતા વાહનચાલકોને ઝડપી પાડવામાં આવ્યા હતા અને કુલ ૧૨ હજાર જેટલો દંડ ફટકારવામાં આવ્યો હતો અને ૬ જેટલી ગાડીઓ જપ્ત કરવામાં આવી હતી.


તસ્વીર : ધર્મેશ જેઠવા–ઉના.

# અમરેલી : રૂપાયતન ટ્રસ્ટનાં સુવર્ણ જયંતી વર્ષ નિમિત્તે રૂપાયતન બચતબેંકનો શુભારંભ

અમરેલી, તા.૨૬

અમરેલી રૂપાયતન, સંસ્થાનો દરેક વિદ્યાર્થી આત્મનિર્ભર બન્ને એવા સંકલ્પ સાથે સ્વામી વિવેકાનંદ વિદ્યા ભારતી ટ્રસ્ટ રૂપાયતન સંચાલિત શૈક્ષણિક વિભાગો દીપક હાઈસ્કુલ પી.એન.વોરા વિદ્યીનકેતન – પ્રાથમિક શાળા, એન.ડી.સંઘવી પ્રાથમિક શાળા, મણીનગર, ડી.કે.કામદાર પ્રાથમિક શાળા, ચોરાપાનાં વિદ્યાર્થીઓમાં નાનપણથી બચતની ટેવ પડે, ખોટી જગ્યાએ પૈસો વપરાય નહી ને પોતાનાં અભ્યાસનો ખર્ચ પોતે જ ઉપાડી શકે એવા હેતુ ઉદેશ્ય સાથે ગત તા.૨૨/૭/૨૦૨૩ ના રોજ દીપક હાઈસ્કુલમાં ધોરણ ૯ થી ૧૨નાં વિદ્યાર્થીઓ, શિક્ષકગણની ઉપસ્થિતિમાં ટ્રસ્ટી રજનીભાઈ મહેતાનાં વરદ હસ્તે દીપ પ્રગટાવી રૂપાયતન બચતબેંકનો શુભ પ્રારંભ કરવામાં આવેલ.

આ ક્ષણે આચાર્ય ડો.અમિતભાઈ ઉપાધ્યાય શિક્ષકભાઈઓ બહેનો મેનેજિંગ ટ્રસ્ટી પ્રારંભ કરવામાં આવેલ. આ ક્ષણે આચાર્ય ડો.અમિતભાઈ ઉપાધ્યાય શિક્ષકભાઈઓ બહેનો મેનેજિંગ ટ્રસ્ટી રવજીભાઈ કાચા ઉપસ્થિત રહેલ.

રૂપાયતન બચત બેંક વિશે તા.૨૧/૭/૨૦૨૩ ના રોજ દ્વારકાદાસભાઈ લલાડીયાએ વિસ્તૃત સમજુતી આપી બાળકોને બચત કરવા માટે પ્રોત્સાહિત કરેલ.

રૂપાયતન બચત બેંકની વિશેષતા એ છે કે દીપક હાઈસ્કુલનાં શિક્ષક સંજયભાઈ માંગરોળિયાનાં માર્ગદર્શન હેઠળ ધોરણ–૧૧/૧૨ કોમર્સનાં વિદ્યાર્થીઓ જ તેનો વહીવટ કરશે પી.એન.વોરા વિદ્યાનિકેતન પ્રાથમિક શાળામાં સુપરવાઈઝર હર્ષાબેન કાતરીયા તથા એન.ડી.સંઘવી પ્રાથમિક શાળા મણીનગરમાં જયોતિબેન ચૌહાણ અને ડી.કે.કામદાર પ્રાથમિક શાળામાં મયૂરીબેન મકવાણા વહીવટ સંભાળશે.

રૂપાયતન બચતબેંક વિદ્યાર્થીઓનાં ભવિષ્ય નિધિ માટેની છે. એમનાં સ્વપ્નો સાકાર કરવા માટે છે. આર્થિક રીતે સદ્ધર બની માતા –પિતાની ચિંતા ઓછી કરવા મળે, બાળકો પોતાનાં ઉચ્ચ અભ્યાસનાં સમયએ બચતબેંકનાં નાણા તેમનાં આશીર્વાદરૂપી બને એ માટેનો નાનકડો સંસ્થાનો પ્રયાસ છે. જે વિદ્યાર્થીઓ તથા માતા–પિતા વાલીઓ સમજે અને બચત બેંકમાં ખુશી ખુશી જોડાઈ એવી વિનંતી છે.

રૂપાયતન બચત બેંક અંગે કંઈ પણ દુવિધા કે પ્રશ્ન હોય તો પાસબુકનાં પ્રથમ પાના પર જે તે વિભાગનાં મોબાઈલ નંબર આપેલ છે. ત્યાં સંપર્ક કરશો એમ આચાર્ય ડો.અમિતભાઈ ઉપાધ્યાયની યાદી જણાવેલ છે.

# સા.કુંડલામાં યુવતિએ ઠાકોરજીનાં અવનવાં હિંડોળાનાં દર્શન કરાવ્યાં



સાવરકુંડલા, તા. ૨૬

સાવરકુંડલાની કેળવણીકાર માનસી જયેશભાઈ જોષી દર વર્ષની જેમ આ વર્ષે પણ અધિક માસ નિમિતે દરરોજ અલગ અલગ શણગારથી ઠાકોરજીના હિંડોળા દર્શનનો ઉત્સવ ઉજવી રહ્યા છે. તેમને ત્યાં ટયુશન કલાસીસમાં આવનાર બાળકોને ઉપયોગી સ્ટેશનરીની ચીજ વસ્તુઓનો ઉપયોગ કરી હિંડોળા દર્શન યોજી શિક્ષણને લગતી વસ્તુઓને બાળકોને પ્રસાદીરૂપે આપવામાં આવે છે. એટલે જેથી વિદ્યાર્થીઓ પણ તેમના અભ્યાસમાં ઉપયોગ કરી શકે છે. ઠાકોરજી હિંડોળા દર્શનમાં દરરોજ પેન્સિલ, બોલપેન, સ્કેલ, ચેક રબ્બર ઈરેઝર, સ્કેલ, કંપાસ, લંચ બોકસ, સ્કેચ કલર, મિણીયા કલર તથા વિવિધ પ્રકારના કલરો, શાર્પનર–સંચા વગેરે અભ્યાસમાં ઉપયોગી ચીજવસ્તુઓનો શણગાર કરવામાં આવે છે તેમજ સુકામેવા, ફ્રૂટ, ફૂલો, નાસ્તા, અનાજની ચીજવસ્તુઓ, વિવિધ દાળ, મિઠાઈ, ફરસાણ વગેરે વસ્તુઓના અને ત્યારબાદ તે ચીજવસ્તુઓ વિદ્યાર્થી બાળકોને અર્પણ કરવામાં આવે છે. સાવરકુંડલાના જેસર રોડ ખાતે શિક્ષણ લગતી ચીજવસ્તુઓના હિંડોળાના શણગાર અને ઠાકોરજીના દર્શન કરવા આસપાસમાંથી ધર્મપ્રેમી ભાઈઓ, બહેનો દર્શન કરી ધન્યતા અનુભવી રહ્યા છે.

# સા.કુંડલા : પ્રાંત કચેરી ખાતે સ્વાગત કાર્યક્રમ યોજાયો

સાવરકુંડલા, તા. ૨૬

સાવરકુંડલા પ્રાંત કચેરી ખાતે સ્વાગત કાર્યક્રમમાં તમામ પ્રશ્નોના સ્થળ પર જ હકારાત્મક નિર્ણય કરી નિકાલ કરવામાં આવેલ.

સાવરકુંડલા પ્રાંત કચેરી ખાતે અજય દહીંયાં કલેકટર અમરેલીના અધ્યક્ષ સ્થાને તાલુકા સ્વાગત કાર્યક્રમ યોજવામાં આવેલ. જેમાં મામલતદાર પી.બી.ગોહિલ, નાયબ મામલતદાર વિપુલભાઈ મહેતા, એસ.જી. લેઉવા સહિતના વિવિધ વિભાગના અધિકારીઓ અને કર્મચારીઓ હાજર રહ્યા હતા અને તાલુકા સ્વાગત કાર્યક્રમમાં ૧૪ પ્રશ્નો રજૂ કરવામાં આવ્યા હતા. જેમાં અધિકારી અને અરજદારની હાજરીમાં જ જે તે વિભાગના પ્રશ્નોનો સ્થળ પર જ નિકાલ કરવામાં આવ્યો હતો. તેમ યોગેશ ઉનડકટની એક અખબારી યાદીમાં જણાવાયું હતું.




### સેલ્ફી પોઈન્ટ, પંચ પ્રાણ પ્રતિષ્ઠ, બાઈક રેલી સહિતનાં કાર્યક્રમો યોજાશે

# અમરેલી : માતૃભૂમિની માટીને નમન અને વીરોને વંદન કરવાનો રાષ્ટ્રભકિતનું અનોખું પર્વ ઉજવાશે

### ગામડાઓની માટી સાથેનો કુંભ દિલ્હી ખાતે લઈ જવાશે

અમરેલી, તા. ૨૬

આઝાદીના અમૃત મહોત્સવ અંતર્ગત ગત વર્ષે 'હર ઘર તિરંગા' અભિયાન યોજાયું હતું. આ વર્ષે સ્વાતંત્ર પર્વના અવસરે માતૃભૂમિના વીરો અને માટીને વંદન કરવાના હેતુથી કેન્દ્ર અને રાજય સરકાર દ્વારા 'મેરી મીટ્ટી, મેરા દેશ' કાર્યક્રમ યોજાશે. આ કાર્યક્રમ અંતર્ગત વિવિધ તબક્કામાં તા.૦૯ થી તા.૩૦ ઓગસ્ટ સુધી પંચાયત સ્તરમાં, બ્લોક સ્તરમાં રાષ્ટ્રીય સ્તરના કાર્યક્રમો યોજાશે. આ સમગ્ર કાર્યક્રમની રૂપરેખા સમજાવવા માટે જિલ્લા કલેકટર કચેરી ખાતે એક વીડિયો કોન્ફરન્સ યોજાઈ હતી. આ વીડિયો કોન્ફરન્સમાં રાજયના તમામ જિલ્લા કલેકટર, જિલ્લા વિકાસ અધિકારી, જિલ્લા પોલીસ વડા, નિવાસી અધિક કલેકટર સહિતના ઉચ્ચ અધિકારીઓ જોડાયા હતા. ગાંધીનગરથી મુખ્ય સચિવ સહિતના ઉચ્ચ અધિકારી દ્વારા આ કાર્યક્રમના આયોજન અંગે જરૂરી માર્ગદર્શન સૂચન કરવામાં આવ્યા હતા.

આ કાર્યક્રમ અંતર્ગત પંચાયત સ્તરે 'મિટ્ટી ઓફ ધ મધરલેન્ડ' કાર્યક્રમ યોજાશે. જેનું આયોજન અમરેલી જિલ્લા સહિત દેશની તમામ પંચાયતમાં થશે. દરેક પંચાયતમાં વીરોને નમન કરવાના હેતુથી એક શિલાફલકમ એટલે કે તકતી મૂકવામાં આવશે. જયાં ઉપલબ્ધ હોય ત્યાં અમૃત સરોવર/જળાશયોની આસપાસ આ તકતી મૂકવામાં આવશે. જયાં જળાશયો ઉપલબ્ધ ન હોય ત્યાં પંચાયત કચેરી, શાળા પાસે તકતી મૂકવામાં આવશે. જેમાં સ્થાનિક વીરોના નામ અંકિત કરવામાં આવશે. આ તકતીમાં વડાપ્રધાનના વિચાર, વીરોના નામ અને પંચાયતના સ્થળનું નામ, આઝાદીના અમૃત મહોત્સવનો લોગો સહિતની વિગતો હશે. વીરોની વ્યાખ્યામાં સ્વાતંત્ર્ય સેનાનીઓ, સુરક્ષા કર્મચારી (આર્મી, નેવી, એરફોર્સ) રાજય પોલીસ દળ, સીએપીએફના સભ્યોનો સમાવેશ કરવામાં આવ્યો છે. એટલે કે એવા લોકો જે પોતાની ફરજ દરમિયાન મૃત્યુ પામ્યા છે. તેમને આ શિલાફલકમ દ્વારા શ્રદ્ધાંજલિ આપવામાં આવશે. કાર્યક્રમ દરમિયાન આઝાદીના અમૃત મહોત્સવના પંચ પ્રાણની પ્રતિજ્ઞા લેવડાવામાં આવશે અને સહભાગીઓ આ પ્રતિજ્ઞા હાથમાં માટીના દીવડા લઈને કરશે. સહભાગીઓ પોતાની સેલ્ફી, આ અભિયાનની વેબસાઈટ પર અપલોડ કરશે. આ ઉપરાંત દરેક પંચાયતોમાં ૭૫ સ્વદેશી રોપાઓનું વાવેતર કરી અને 'વસુધા વન' તૈયાર કરવામાં આવશે. કાર્યક્રમમાં વીરોને વંદન કરવાના હેતુ માટે સ્વાતંત્ર્ય સેનાની/વીરોના પરિવારને આમંત્રિત કરવામાં આવશે. તેમનું સન્માન કરવામાં આવશે. પંચાયતમાં યોજાનાર દરેક કાર્યક્રમમાં ધ્વજવંદન અને રાષ્ટ્રગાન થશે. આ ઉપરાંત માટીને નમન કરવાના હેતુથી ગામની માટી એકઠી કરી અને પંચાયતમાં લાવવામાં આવશે. આ માટી બ્લોકમાં પહોંચશે. બ્લોક ખાતેથી યુવાનો પરંપરાગત પહેરવેશ પહેરી આ માટીના કળશને દિલ્હી લઈ જશે. આ કાર્યક્રમ પંચાયત ઉપરાંત શહેરી ટાઉન વિસ્તારમાં પણ યોજાશે. કાર્યક્રમ રાજય સરકારના રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક વિભાગ દ્વારા ૭૫માં આઝાદી કા અમૃત મહોત્સવ અન્વયે 'માટીને નમન વીરોને વંદન' કાર્યક્રમ તા.૯ ઓગસ્ટથી તા.૩૦ ઓગસ્ટ સુધી યોજાશે. આ ઉપરાંત રાજય સરકારના વિવિધ વિભાગો પણ વિવિધ રૂપે આ કાર્યક્રમમાં સહભાગી થશે.

આ કાર્યક્રમના સુચારૂ આયોજન માટે જિલ્લા કલેકટર અજય દહિયા દ્વારા વિવિધ વિભાગના અધિકારીઓને જરૂરી સૂચના અને માર્ગદર્શન આપવામાં આવ્યા હતા. કાર્યક્રમ માટે સ્થળ તપાસ કરી અને આયોજન કરવા માટે જરૂરી સૂચનાઓ આપવામાં આવી હતી. આ વીડિયો કોન્ફરન્સમાં જિલ્લા વિકાસ અધિકારી દિનેશ ગુરવ, જિલ્લા પોલીસ વડા હિમકર સિંઘ, અધિક જિલ્લા નિવાસી કલેકટર રવિન્દ્રસિંહ વાળા તેમજ જિલ્લા વહીવટી તંત્રના ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત

# સા.કુંડલાનાં લોકગાયિકા રેખાબેન વાળાને મુંબઈ ખાતે એવોર્ડ એનાયત



સાવરકુંડલા, તા. ૨૬

સાવરકુંડલાનાં લોકગાયિકા રેખાબેન વાળાનું મુંબઈ ખાતે લોર્ડસ ઓફ ટ્રેન્ડઝ દ્વારા ચાલુ વર્ષના સારા કાઠિયાવાડી ગાયિકાનો એવોર્ડ અર્પણ કરવામાં આવ્યો. આ સમાચાર મળતાં સાવરકુંડલાના સંગીત પ્રેમી લોકોમાં હર્ષની લાગણી પ્રસરી. શુભચિંતકો તરફથી અભિનંદનની વર્ષા થઈ.

સાવરકુંડલાના લોકગાયિકા રેખાબેન વાળાનુ મુંબઈ ખાતે લોર્ડસ ઓફ ટ્રેન્ડઝ દ્વારા ચાલુ વર્ષનાં સારા કાઠિયાવાડી ગાયકનો એવોર્ડ અર્પણ કરવામાં આવેલ. રેખાબેન વાળાને આ અમૂલ્ય એવોર્ડ મળતાં તેમના ચાહકવર્ગ દ્વારા શુભેચ્છાઓનો ધોધ વરસ્યો. સંગીત ક્ષેત્રે આવડી મોટી સિધ્ધિ મળતાં તેમના પરિવારમાં પણ ખુશીની લહેર પ્રસરી. આમ સાવરકુંડલા શહેરનું લોકગીતોના ક્ષેત્રે પણ એક મોટું ગુંજતું નામ ગૌરવાન્વિત થતાં રેખાબેન વાળાને સાવરકુંડલા વાસીઓ હરખથી વધાવી રહ્યા છે.

# અમરેલી જિલ્લામાં વૃંદાવન ગૌ સેવા ટ્રસ્ટ દ્વારા અનેરી ગૌ સેવા

અમરેલી, તા. ૨૬

અમરેલી જીલ્લામાં ગૌ મય દિપાવલી, ગૌ મય રંગોળી, કાઉ હગ ડે જેવા અભિયાન થકી લોકોને ગૌ માતાનું મહત્વ સમજે તે માટે સતત વૃંદાવન ગૌ સેવા ટ્રસ્ટ, ગૌ સંવર્ધન સેલ કાર્ય કરી રહ્યુ છે.



જેમની સાથે અનેક નાના મોટા ટ્રસ્ટ સહયોગી બની આ અભિયાનમાં જોડાઈ રહ્યા છે. અમરેલી જિલ્લામાં એક એવી એનિમલ હેલ્પ લાઈન જે નિઃશુલ્ક ચલાવામાં આવી રહી છે.

ગાયનાં ગોબરમાંથી અને ગૌ મિત્રમાથી બનેલ વિવિધ પ્રોડકટ તમારા સૌકોઈ ઉપયોગ કરીએ અને ગૌ શાળા અને ગૌ પાલકોને આત્મનિર્ભર બનાવવા મદદરૂપ થઈએ. થોડા દિવસોમાં રક્ષા બંધન તેમજ ગણેશ મહોત્સવ, દિવાળી જેવાં તહેવાર આવે છે. ત્યારે આપ આપના ઘર કે આફિસમાં ગોબરની મૂર્તિ લાવી ગૌમય ગણેશ મહોત્સવ, ગૌમય દીવા તેમજ અનેક ગૌ પ્રોડક્ટ આપણે લઈ અને જિલ્લાની ગૌ શાળાને આર્થિક સહયોગી બનીએ તેવી અપીલ અમરેલી જિલ્લા બી.જે.પી ગૌ સંવર્ધન સેલના પ્રમુખ પ્રશાંતભાઈ ચુડાસમા કરી રહ્યા છે.

## સ્થાનિક ધારાસભ્યને અનેકવાર રજૂઆત છતાં પરિણામ શૂન્ય

# બાબરા : ખાખરીયાનાં કાળુભાર નદીનો કોઝવે ચોમાસામાં નકામો

ગામની વચ્ચે આવેલ પુલ પાણીમાં ગરકાવ થતાં ખેડૂતો, વિદ્યાર્થીઓ સહિત સૌ કોઇને મુશ્કેલીઓ

ચોમાસામાં અવારનવાર નદીમાં પુર આવતાં દિવસો સુધી અવર-જવર બંધ થતી જોવા મળે છે

એકવીસમી સદીનાં યુગમાં પણ ઓગણીસમી સદી જેવા દિવસો જોવા મળે તે બાબત શરમજનક

ગામજનોએ પાણીમાં ઉતરી રામધૂન બોલાવીને ઊંચા પુલની સુવિધા આપવા માંગ કરી



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા-બાબરા

બાબરા, તા. ૨૬

બાબરા તાલુકાનાં ખાખરીયા-કરીયાણા માર્ગની વચ્ચે આવેલ કોજેવમાં કાળુભાર નદીનું પાણી ફરી વળતા ભારે હાલાકીનો સામનો ગામના લોકોને કરવો પડે છે. કારણ કે અહીં ગામના સામે કાંઠે રહેતા લોકોને ગામમાં હટાણું કરવા તેમજ ખેડૂતોને ખેતરમાં જવા માટે તેમજ વિદ્યાર્થીઓને શાળાએ જવા માટે અને બંને ગામના લોકોનો એક ગામથી બીજા ગામ તરફ જવા માટે કોઝવે પર વહેતા નદીના વહેણમાંથી લોકોને જીવ જોખમે પસાર થવાની ફરજ પડે છે.

અહીં ચોમાસાની ઋતુ દરમિયાન રામપરા ડેમ ઓવરફલો થતાં તેનું પાણી અહીંથી પસાર થતી કાળુભાર નદીમાં આવતા નદી બે કાંઠે વહેવા લાગે છે જેના કારણે અહીં નદી પર આવેલ કોઝવે પાણીમાં ગરક થતાં લોકો સંપર્ક વિહોણા બને છે.

ખાખરીયા ગામના સરપંચ વિપુલભાઈ કાચેલાએ જણાવ્યું હતું કે, ધારાસભ્ય સહિત અનેકવાર તંત્રને રજુઆત કરેલ છતાં અહીં મોટો બ્રિજ બનાવવા આવતો નથી જેના કારણે દર ચોમાસે આ સમસ્યા સર્જાય છે. ત્યારે હવે તંત્ર અહીં બ્રિજ બનાવે તો ગામના લોકોને કાયમી સમસ્યામાંથી છુટકારો મળી શકે તેમ છે. ત્યારે સ્થાનિક ધારાસભ્ય સહિત તંત્રની આંખ અને કાન ખુલે તે માટે રામધૂન બોલાવવાની

અનુસંધાન પાના ૬ ઉપર

## મેઘરાજા અચાનક ત્રાટકીને સૌ કોઈને દોડતા કરી દે છે

# લ્યો બોલો : વડિયામાં અચાનક બપોરનાં સમયે એક કલાકમાં ત્રણ ઈંચ વરસાદથી સુરવો નદી ગાંડીતુર

## સુરવો જળાશયનાં પાંચ દરવાજા ત્રણ ફૂટ ખોલવાની ફરજ પડી



વડિયા, તા. ૨૬

વડિયાનાં વાતાવરણમાં બપોરે બે વાગ્યાથી અચાનક જ વાતાવરણમાં પલટો આવ્યો હતો. અને સવારના તડકા બાદ બપોરે વડીયામાં બે વાગ્યાથી ધીમીધારે વરસાદનું આગમન થયું હતું. ત્યારબાદ બપોરે ૩:૩૦ વાગ્યાથી ૪:૩૦ વાગ્યામાં ધોધમાર વરસાદનું આગમન થતાં એક કલાકમાં ધોધમાર પોણા ત્રણ ઈંચ

અનુસંધાન પાના ૬ ઉપર

# આકાશમાં 'મેઘધનુષ્ય'માં નિહાળી સૌ રોમાંચિત



ઈશ્વરના રહસ્યોને કોઈ જાણી શકતું નથી. ચોમાસા દરમ્યાન આકાશમાં જોવા મળતું 'મેઘધનુષ' આજે બુધવારે સમી સાંજના દામનગરના લોકોને જોવા મળતા, ખૂબજ રોમાંચિત થયા હતા.ખાસ કરીને નાના બાળકો સતત જોયા કરતા હતા અને સાંજ ખુશનુમા રહી હતી,સાથે - સાથે વરસાદનું હળવું ક જાપટું વરસતા વાતાવરણ ઠંડા પવન સાથે મસ્ત સરસ મજાનું ટાઢુંબોળ થઈ ગયું હતું.

## સહનશકિતનાં અભાવથી અમૂલ્ય જીંદગી ગુમાવી

# લાઠી : પિતાએ માલઢોરને ઘાસચારો આપવાનું કહેતા યુવકે ગળાફાંસો ખાધો

## ભગતપરા વિસ્તારમાં શોકનો માહોલ

અમરેલી, તા. ૨૬

લાઠી ગામે આવેલ ભગતપરામાં રહેતા અને માલઢોર ચરાવવાનો ધંધો કરતાં રામકુભાઈ બાવકુભાઈ ચારોલીયા નામનાં ૧૮ વર્ષિય યુવકને તેના પિતએ માલઢોર બાંધવા, ઘાસચારો તથા પાણી આપવા બાબતે યુવાનને ઠપકો આપતા પોતાને લાગી આવતા ઘરેથી નીકળી જઈ કિસ્મત ગ્રાઉન્ડમાં લીમડાનાં ઝાડની ડાળ ીએ કારપેટનો ટુકડો બાંધી ગળાફાંસો ખાઈ લેતા તેમનું મોત નિપજયું હતું.

## વનકર્મીઓની જાગૃતતાથી એક સિંહ ટ્રેન નીચે આવતા બચી ગયો

# સાવરકુંડલાનાં ગાધકડા રેલ્વે ટ્રેક ઉપર પસાર થતી માલગાડી હડફેટે આવે તે પહેલા વનકર્મીઓએ સિંહને બચાવી લીધો

## રાત્રિનાં સમયે માલગાડીની સ્પીડ ઘટાડવા અથવા બંધ કરવા માંગ

સાવકુંડલા, તા. ૨૬

અમરેલી જિલ્લામાં પિપાવાવ બ્રોડગેજ રેલ્વેલાઈનને કારણે જંગલની આન, બાન અને શાન ગણાતા સિંહો માટે રેલ્વે ટ્રેક જોખમી છે. પણ વનવિભાગની સિંહો પ્રત્યેની



ફાઈલ તસ્વીર

સંવેદનાઓ પણ વધુ ફળીભૂત થઈ હોય તેમ ફરી માલગાડી ટ્રેઈન હડફેટે સિંહ કપાઈ તે પહેલાં ટ્રેઈનને રાત્રિના સવા ૧૧ વાગ્યે વનવિભાગના ટ્રેકરે થંભાવી દીધી ને રેલ્વે ટ્રેક પરથી સિંહને દૂર કરીને ૩ મિનિટ માલગાડી રોકીને રવાના કરવામાં વનવિભાગ સફળ સાબિત થયું હતું ને વનવિભાગની સિંહો પ્રત્યેની સંવેદનાના કારણે ગીરનું ઘરેણું ગણાતા સિંહનો બચાવ થયો હતો. ત્યારે હજુ થોડા દિવસ પહેલા જ રાજુલાના ઉચૈયા ગામે રેલ્વે ટ્રેક પર માલગાડી હડફેટે ૧ સિંહનું ઘટના સ્થળે મોત ને એકનું ગંભીર ઈજાઓ બાદ મોત થયાની ઘટનાની શાહી હજુ સુકાઈ

અનુસંધાન પાના ૬ ઉપર






## પોલીસ અધિક્ષકની સુચનાથી ક્રાઈમ બ્રાન્ચની કામગીરી

# લાઠીનાં છેતરપીંડી અને વિશ્વાસઘાતનાં કામે ૧૦ વર્ષથી નાસતા ફરતા આરોપીની અટકાયત

## આરોપી કેતન ગોંડલીયા વિરૂધ્ધ કાર્યવાહી શરૂ

અમરેલી, તા. ૨૬

અમરેલી પોલીસ અધિક્ષક હિંમકર સિંહએ અમરેલી જિલ્લામાં ગુનાઓ આચરી, પોતાની કાયદેસરની ધરપકડ ટાળવા માટે નાસતા ફરતા આરોપીઓ જેલમાંથી ફરાર થયેલ કેદીઓને પકડી પાડવા અમરેલી જિલ્લા પોલીસને માર્ગદર્શન આપેલ હોય, જે અન્વયે અમરેલી એલ.સી.બી. ટીમે લાઠી પોલીસ સ્ટેશનનાં કેસ ઈ.પી.કો. કલમ ૪૦૬, ૪૨૦, ૫૦૬(૨), ૧૧૪ મુજબનાં કામે આરોપી કેતન ફુલાભાઈ ઉર્ફે કુલજીભાઈ ઉર્ફે કુરજીભાઈ ગોંડલીયા, રહે. સુરત વાળો છેલ્લા ૧૦ વર્ષથી પોતાની કાયદેસરની



ધરપકડ ટાળવા માટે નાસતો ફરતો હોય, ટેકનીકલ સોર્સ અને બાતમી હકિકત આધારે લાઠી મુકામેથી મજકુર આરોપીને પકડી પાડી આગળ ની કાર્યવાહી થવા સારું લાઠી પોલીસ સ્ટેશનમાં સોંપી આપેલ છે.


## અરવિંદભાઈ વાઘેલાએ અંતિમ વિદાય લીધી

# અમરેલીની ઠેબી નદીમાં પડી જવાથી ગોપાલગ્રામનાં આધેડનું મોત નિપજયું

## પાણી દરવાજા નજીક નદી કાંઠે દુર્ઘટના ઘટી

અમરેલી, તા. ૨૬

ચલાલા નજીક આવેલ ગોપાલગ્રામ રહેતા અરવિંદભાઈ છગનભાઈ વાઘેલા નામનાં ૫૩ વર્ષિય આધેડ ગત તા. ૨૫ નાં રોજ સ્વામીનારાયણ મંદિર સામે ઠેબી નદીનાં પાણી જોવા અથવા તો લઘુશંકા કરવા નદી કાંઠે જતાં તેઓ અકસ્માતે નદીમાં પડી જવાથી તેમનું પાણીમાં ડૂબી જવાથી મોત નિપજયાનું અમરેલી પોલીસમાં જાહેર થવા પામેલ છે.


ક્રિષ્ના ડાઈનીંગ હોલ

પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી. - ૩૬૫૬૦૧ (ગુજ.)
ફોન નં. ૦૨૭૯૨ - ૨૩૩૪૪૬

હેડ ઓફિસ : ક્રિષ્ના કેટરર્સ, કેરીયા રોડ, ભોજલપરા, અમરેલી.

રમેશભાઈ આર. શિંગાળા
૯૮૨૫૫ ૪૬૯૦૨


*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)